श्रीकृष्णाय नमः ।

श्रीगोपीजनवल्लभाय नमः ।

श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ।

VIBRANT PUSHTI
VADODARA

श्रीकृष्णाय नमः ।

षष्ठोऽध्याय :।

निरूपितो भगवतो भार्यायास्तु परिग्रह : ।
षष्ठाध्याये तु पुत्रस्य स्वीकारोऽत्र निरूप्यते ॥१॥

लोके हि पुत्रभार्याणां सम्बन्धे स्याद्धि संसृति : ।
दुष्टभावेषु संसृष्टास्त्वत्र कृष्णेन मोचिता : ॥२॥

न चापि भगवान् कृष्णः कमप्यत्र निवारयेत् ।
भागिनं यत्र यो भागी निवृते हरिसाद्भवेत् ॥३॥

अतः शम्बरनिर्मुक्तः पुत्रो जात इतीर्यते ।
पुत्रत्वं च न कालादेः किन्तु स्वेच्छात एव हि ॥४॥

तादृशस्य हि जीवस्य ततः कामकथोच्यते ।

દશમ સ્કંદ ઉત્તરાર્ધ અધ્યાય છઠ્ઠો
"રાજસ સાધન પ્રકરણ"

કારિકા :

કારિકા -૧ : ભગવાને ભાર્યાનો સ્વીકાર કર્યો તે વર્ણવ્યું. અહીં છઠ્ઠા અધ્યાયમાં તો પુત્રના સ્વીકારનું વર્ણન કરવામાં આવે છે.

કારિકા - ૨ : કારણ કે લોકમાં પુત્ર અને ભાર્યાનો સંબંધ થાય ત્યારે સંસાર થાય . અહીં તો દુષ્ટ સ્વભાવવાળા સાથે સંબંધમાં આવેલા તેઓને શ્રીકૃષ્ણે મુક્ત કરાવેલા છે.

કારિકા -૩ : વળી આ વિષયમાં કોઈપણ ભાગવાળાને હરિ અટકાવતા નથી જેમાં ભાગવાળો હોય છે. તેનોભાગ નીકળી જતાં તે પદાર્થ હરિનો થાય છે.

કારિકા - ૪ : તેથી શંબરે મૂકી દીધેલો પુત્ર થયો એમ કહેલું છે. કારણ કે તેનો જીવ કાલને લીધે પુત્ર થતો નથી. પરંતુ પોતાની ઈચ્છાથી જ પુત્ર થાય છે. પછી કામની કથા કહેવામાં આવે છે.

पूर्वाध्याये: भार्येच्छया भगवता भार्या कृता । अत्रापि पुत्रेच्छया भगवता कामः पुत्रः कृत इत्याह कामस्त्विति ।

श्रीशुक उवाच - कामस्तु वासुदेवांशो दग्ध : प्रागुद्रमन्युना ।
देहोपपत्तये भूयस्तमेव प्रत्यपद्यत ॥१॥

कामस्योत्पत्तिर्न घटते, कामेन हि भार्यायां प्रवृत्तिः । तत आत्मानं प्रति स्वस्याकारणत्वात्कामोत्पत्तिरसङ्गतेत्याशङ्क्य तुशब्देन निराकरोति । तत्र हेतुमाह वासुदेवांस इति । स हि न जीवः, किन्तु वासुदेवस्यैव मोक्षदातुः । प्रपत्तिविधटनाय कामो माया च अंशद्वयं विनिर्गतम्, पुरूषे स्त्रियां च प्रतिष्ठितं जगद्व्यामोहयति, यथैव न प्रपन्नो भवति । स तु सर्वान् व्यामोहयन् मुख्याधिकारिणं महादेवमपि व्यामोहयितुं प्रवृत्तः । ततो रुत् रोगान् सर्वेषामेव द्रावयतीति सर्वरोगनिवारकः कामममपि रोगं मत्वा क्रोधेन ददाह । ततः प्रभृति नोद्गतः कामो लोके प्रवृत्तः अधिष्ठाता शक्तिरहितो जात इति । नापि मोक्षदाता भगवानवतीर्णः । यत्रायं

विघ्नं वा कुर्यात । यदा पुनः कृष्ण आविर्भूतः, तदा अक्षयं देहं सम्पादयितुं यथा रुद्रो न दहेत्, तदर्थं तं भगवन्तमेव देहोपपत्तये प्रत्यद्यत, सदेह एव ततो निर्गमिष्यामीति, पुनस्तत्र प्रविष्टः । स हि गोपिकाद्वारा कृष्णे समागतः । ते हि प्रथमं पुरुषरूपाः स्थिताः, पश्चात् स्त्रीत्वे जाते तत्र प्रवेशमलभमानः तद्द्वारा भगवति प्रविष्टः, तासां स्वभावतः पुरुषत्वात् तत उत्पत्तिमलभमानः ।

VIBRANT PUSHTI * VADODARA *

यदेव रुक्मिणी संबद्धा, तदैव तस्यां जात इत्याह स एव जात इति ।

આ પહેલાના ત્રણ અધ્યાયોથી પત્નીની ઇચ્છાથી ભગવાને પત્ની કરી એમ કહ્યું. અહીં પણ પુત્ર કામદેવની ઇચ્છાથી ભગવાને કામને પુત્ર કર્યો. એમ હવે કહે છે.

<u>શ્લોકાર્થ - ૧ :</u> *પહેલાં રૂદ્રના કોપથી બળેલા, વાસુદેવના અંશરૂપ કામે તો ફરીથી દેહ પ્રાપ્ત કરવા માટે તેમનો આશ્રય કર્યો. (૧)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u>કામની ઉત્પત્તિ સંભવતી નથી. કારણ કે કામને લીધે પતીમાં પ્રવૃતિ થાય છે. તેથી પોતાની ઉત્પત્તિનું કારણ પોતે થવાનું નહિ હોવાથી કામની ઉત્પત્તિ અસંભવીત છે એવી શંકા થાય તેનો 'તુ' તો શબ્દથી નિરાશ કરે છે. 'વાસુદેવના અંશરૂપ' શબ્દથી તેનું કારણ કહેલું છે. કારણ કે તે જીવનથી પણ વાસુદેવ એટલે મોક્ષ આપનારનો અંશ જ છે. વાસુદેવમાંથી ભક્તિ તોડી પાડવા માટે કામ અને માયા એ બે અંશો નીકળ્યા. અને અનુક્રમે પુરૂષ અને સ્ત્રીમાં રહી ભગવાનમાં ભક્તિવાળું ન થાય તેવી રીતે જગતને મોહ ઉત્પન્ન કરે છે.

તેવી રીતે તેને મહાદેવને પણ મોહ ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ કરી. પછી બધાએ રોગોને નાશ કરે છે તેવા રૂદ્રે કામને પણ રોગ માની નાશ કર્યો. તેને બાળી નાખ્યો. ત્યારપછી કામનો ઉદ્ભવ થતો ન હતો. કારણ કે તે શક્તિ વિનાનો થયો. વળી મોક્ષ આપનાર ભગવાન પણ અવતર્યા ન હતા પણ જયારે કૃષ્ણનો આર્વિભાવ થયો ત્યારે તેનો અક્ષય દેહ પ્રાપ્ત કરવા માટે કે જેથી રૂદ્ર બાળે નહિ તેથી તેને ભગવાનના દેહનો આશ્રય કર્યો. એટલે 'તેમનાથી હું દેહ સહીત જ બહાર નીકળીશ' એવા વિચારથી તેમાનામાં ફરી પ્રવેશ કર્યો. તેને

ગોપીકાઓ દ્વારા શ્રીકૃષ્ણમાં પ્રવેશ કર્યો. કારણ કે તેઓ પહેલાં પુરૂષરૂપથી રહેલાં હતાં. પછી તેઓ સ્ત્રીઓ થયાં ત્યારે તેમાં પ્રવેશ ન થતાં, તેમની દ્વારા ભગવાનમાં પ્રવેશ કર્યો.(૧)

ગોપીકાઓ સ્વભાવથી પુરૂષરૂપ હોવાથી તેમનામાં તેની ઉત્પત્તિ થાય નહિ તેથી રૂકિમણીમાં પ્રવેશી ઉત્પન્ન થયો. તે હવે કહે છે.

स एव जातो वैदर्भ्यां कृष्णवीर्यसमुद्भवः ।

प्रद्युम्न इति विख्यातः सर्वतोऽनवमः पितुः ॥२॥

वैदर्भी भक्तिप्रधानेति । भगवतो वीर्यमत्र क्रियाशक्तिः, नत्वन्नमयम् । क्रिया हि सतो भवति । चिद्रूपः स्वयम् । सदंशमेवापेक्षते । सदंशे निर्गलितं रूपं क्रियाशक्तिरिति क्रियाशक्तौ आविर्भूतः । तदुक्तम् । कृष्णवीर्ये समुद्भवो यस्येति । एवकारो जीवान्तरप्रवेशाभावाय । अत एव लोके प्रद्युम्न इति विख्यातः । प्रकर्षेण द्युम्नं यस्मादिति । रुक्मिण्यंशसम्बन्धात् आनन्दांशोऽपि तत्र सिद्धः । उत्पादकश्च प्रद्युम्न इति तस्याभिलषितमेव नाम जातमित्युक्तम् । एवमपि भगवदिच्छा चेन्नानुगता स्यात्, तदा अक्षयदेहो न भविष्यतीति भगवत्सारूप्यं प्राप्तवानित्याह पितुः सर्वतोऽनवम इति । अवमः क्षयः, केनाप्यंशेन अन्यून इत्यर्थः ॥२॥

एतन्मध्ये नारदेन शम्बरो बोधितः यावदयं । निर्दशो न भवति, तावन्मारणीयः । अन्यथा भगवद्धस्तस्पर्शे अवध्यो भविष्यतीति । स हि कामस्य शत्रुः यदा सर्वेषामेव भागो निर्मुक्तो भवति, तदैव भगवान् पुत्रत्वेन ग्रहीष्यतीति । एवमुक्तस्य शम्बरस्य वृत्तान्तमाह ।

<u>શ્લોકાર્થ - ૨ :</u> *શ્રીકૃષ્ણના વીર્યમાં ઉત્પન્ન થએલો તેજ વૈદર્ભીથી જન્મ્યો અને કોઈ રીતે પિતાથી ઉતરે નહિ તેવો 'પ્રદ્યુમ્ન' નામથી પ્રસિદ્ધ થયો.(૨)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> કારણ કે રૂકિમણી ભકિતપ્રધાન હતી. અહીં ક્રિયાશક્તિને ભગવાનનું વીર્ય કહેલ છે. અન્નમય વીર્ય કહેલું નથી. કામદેવ પોતે ચિદ્રૂપ હતો તેને સત્ અંશની જ જરૂર હતી. તે રૂપ શકિતરૂપ છે.તેથી ક્રિયાશક્તિમાં તેનો આર્વિભાવ થયો. તેથી 'શ્રીકૃષ્ણના વીર્યમાં થઇ છે ઉત્પત્તિ જેની' એ વિશેષણ કહેલ છે. 'એવ' શબ્દ બીજા જીવનો તેમાં પ્રવેશ થતો નથી તે

માટે યોજેલ છે. તેથી લોકમાં 'પ્રદ્યુમ્ન' નામથી પ્રસિદ્ધ થયો. તેનામાં આનંદ અંશ પણ હતો કારણ કે રૂકિમણીના અંશનો સંબંધ હતો. ઉત્પન્ન કરનાર પણ પ્રદ્યુમ્ન હતા. તેથી તેમનું ઇચ્છેલું નામ થયું. જો તેમ ઇચ્છા ન હોત તો તેનો અક્ષય દેહ પ્રાપ્ત થાત નહિ. તેથી કોઇરીતે પિતાથી ઉતરે નહિ તેવો શબ્દ યોજેલ છે કોઇપણ અંશથી હલકો નહિ તેવો અર્થ છે. (૨)

આટલા સમય દરમ્યાન નારદે શંબરને જણાવ્યું કે આ કામ દશ દિવસથી મોટો ન થાય એટલે તેને હણવો જોઇએ. તેમ કરવામાં નહિ આવે તો ભગવાનના હસ્ત સ્પર્શથી તે હણી ન શકાય તેવો થશે. શંબર કામનો શત્રુ હતો અને જયારે બધાનો ભાગ છુટો પડી નીકળી જાય ત્યારે જ ભગવાન કામને પુત્ર તરીકે સ્વીકારે એ પ્રમાણે નારદે કહેલું છે તે હવે કહે છે.

तं शम्बरः कामरूपी हृत्वा तोकमनिर्दशम् ।
स विदित्वात्मनः शत्रुं प्रास्योदन्वत्यगाद्गृहम् ॥३॥

VIBRANT PUSHTI * VADODARA *

कामरूपी स्त्रीरूपेणान्तः प्रविष्टः । कामरूपमस्मिन्वर्तत इति सजातीयेन सजातीयो हृत इति न रक्षकैर्देवैः स रक्षितः । अथ एवानिर्दशं दशाहात्पूर्वमेव तोकं बालकं हृत्वा । न विर्गतानि दशाहानि यस्येति । अहःशब्दस्य लोपः । हरणे हेतुमाह आत्मन शत्रुं विदित्वेति । वाक्यान्तरान्नारदादित्यध्यवसेयम् । उदन्वति समुद्रे प्रास्य गृहमगात्, गृहं गतः । बालो हि न मारणीय इति । कालेनानुपभुक्तः सर्वस्याप्यादरणीयो भवतीति प्राकृतं तं मत्वा समुद्रे क्षिप्तः, स्वयमेव समुद्रो भक्षयिष्यतीति समुद्रे प्रक्षिप्तवान् ॥३॥

ततः समुद्रो विपरीतं कर्तुं मत्स्यग्रासं कारयित्वा तस्यैव गृहं प्रेषयामासेति निरूपयति तं निर्जगार बलवानिति ।

<u>શ્લોકાર્થ - ૩</u> : ઇચ્છા પ્રમાણે રૂપ ધારણ કરનાર શંબરે સ્ત્રીના રૂપથી અંતઃપુરમાં પ્રવેશ કર્યો. તેથી સજાતીય સજાતીયને લઇ જતો હોવાથી દેવોએ તે કામનું રક્ષણ કર્યું. તેથી દશ દિવસનો થતાં પહેલાં જ બાળકને લઇ જઇને તેણે સમુદ્રમાં નાખ્યો.

<u>ભાવાર્થ, સુબોધિનીજી</u> :'પોતાના શત્રુને ઓળખીને' શબ્દોથી તેને લઇ જવાનું પ્રયોજન કહેલું છે. બીજા વાક્યથી નારદ દ્વારા તેને ઓળખ્યો.

બાળકને હાગવો ન જોઈએ એવા વિચારથી તેને સમુદ્રમાં નાખીને શંબરે સમુદ્રમાં નાખ્યો. સમુદ્ર જ તેનું ભક્ષણ કરશે એમ માની સમુદ્રમાં નાખ્યો. (૩)

પણ સમુદ્રે ઉલ્ટુ કરવા માટે તેને માછલા પાસે ગળાવી તેને શંબરને ઘેર જ પાછો મોકલ્યો તે હવે કહે છે.

तं निर्जगार बलवान्मीनः सोऽप्यपरैः सह ।
ततो जालेन महता गृहीतो मत्स्यजीविभिः ॥४॥

स हि सचेतनो बालकः । गिलने प्रतिबन्धं करोतीति तदर्थमाह बलवानिति । सोऽपि मीनैरपरैर्दुर्बलैर्मीनैः सह तदीयैः महता जालेन गृहीतः । ततोऽपि जालस्य महत्त्वं बलवत्त्वं च । मत्स्यजीविभिरिति तेषां तदुद्यमः सहजः । अतो नात्र अधिकः प्रयासो निरूपणीय : ॥४॥

ततः शम्बरः कैवर्तानामधिपतिः प्राप्तमहामत्स्यैः कैवर्तैः स मत्स्यः तस्मै दत्त इत्याह तं शम्बरायेति ।

<u>શ્લોકાર્થ - ૪ :</u> તેને બલવાન માછલાએ ગળ્યો. પછી માછીમારાઓએ તેને મોટી જાળમાં પકડ્યો. (૪)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> ચેતનાવાળો બાળક ગળવામાં અડચણ કરે તેથી 'બળવાન' વિશેષણ યોજેલું છે. તેને બીજા માછલાઓ સાથે તેના સેવકોએ મોટી જાળમાં તેને પકડયો. માછીમારોએ શબ્દથી તે તેનો કુદરતી ધંધો હતો તે જણાવ્યું છે. (૪)

તેથી નીચેના શ્લોકમાં એમ કહે છે કે શંબર માછીમારોનો અધિપતિ હતો તેથી તે માછીમારોએ મોટુ માછલું આપ્યું.

तं शम्बराय कैवर्ता उपाजहुरुपायनम् ।
सूदा महानसं नीत्वावधन्स्वधितिनाद्भुतम् ॥५॥
दृष्ट्वा तदुदरे बालं मायावत्यै न्यवेदयन् ।

उपायनमुत्कृष्टोपहारम् । सोऽप्यविचार्यैव सूदेभ्यः पाचकेभ्यो धातकेभ्यो

वा दत्तवान् । सूदाः पुनः महानसं स्थानं नीत्वा अवघ्नन् । ततः अद्भुतं बालकं तस्य उदरे दृष्ट्वा मायावत्यै न्यवेदयन् । सा हि रतिः कामस्य भार्या आसीत् । ततो दग्धे कामे तद्भार्या यदा शम्बरेण नीयते, तदा माया तस्यां प्रविष्टा । तदा मायावतीति नाम प्राप्तवती । सा च तेन प्रतिक्षणं मायया मोहितेन पाकाध्यक्षा निरूपिता । ततो बालकः मायावत्या दृष्टः ।

कोऽप्ययं कपटेन मां ग्रहीष्यतीति भयाच्छङ्कितचित्ता जाता, ततो नारदः पुनरागत्य तां बोधितवानित्याह नारदोऽकथयदिति ।

શ્લોકાર્થ - ૫ : માછીમારોએ તે શંબરને ભેટ આપ્યું. રસોઈઆએ રસોડામાં લઈ જઈ પોતાની છરીથી તેને કાપ્યું. તેના ઉદરમાં અદભૂત બાળક જોઈને માયાવતીને આપ્યું. (૫)

ભાવાર્થ, સુબોધિનીજી : શંબરે ઉત્તમ ભેટને વિચાર કર્યા વગર જ રસોઈઆઓને તે આપ્યું. તેમને રસોડામાં લઈ જઈને માયાવતીને આપ્યું કારણ કે માયાવતી કામની સ્ત્રી રતિ હતી. પછી કામ બળી જતાં જ્યારે શંબર તેની સ્ત્રીને લઈ જતો હતો ત્યારે તે સ્ત્રીમાં માયાએ પ્રવેશ કર્યો ત્યારથી તેનું નામ માયાવતી પડયું અને ક્ષણે ક્ષણે માયાથી મોહ પામેલા શંબરે રસોઈની અધ્યક્ષ તરીકે નીમણુંક કરી. તેથી તેઓ જ્યારે લાવ્યા ત્યારે માયાવતીએ બાળકને જોયો. વળી એ કોઈ કપટથી મને લઈ જશે એવા ભયથી મનમાં શંકા થઈ. (૫)

પછી નારદે ફરી આવી તેને જાગાવ્યું તે હવે કહે છે.

એ પ્રમાણે બધી ગોઠવણનું વર્ણન કરીને, ઘણી ઈચ્છા થાય ત્યારે જ ભગવાન પધારતા હોવાથી નીચેના સાડાસાત શ્લોકથી રૂકિમણીનું ઈચ્છાનું નિરૂપણ કરે છે.

नारदोऽकथयत्सर्वं तस्याः शङ्कितचेतसः ।
बालस्य तत्त्वमुत्पत्तिं मत्स्योदरनिवेशनम् ॥६॥

बालस्य तत्त्वं कामत्वं उत्पत्तिं कृष्णान्नारदप्रेरणया शम्बरद्वारा मत्स्योदरनिवेशनम् । ततोऽत्रागमनं तु स्पष्टमेवेति त्रयमुक्तम् । सात्त्विकं राजसं

VIBRANT PUSHTI * VADODARA *

तामसं च । यद्ययं मत्स्योदरे न निविष्टः स्यात्, तदाग्रे भगवतः कामात् स्त्रीविवाहा अयुक्ताः स्युः ॥६॥

ततस्तया ज्ञात्वा स गृहीत इति वक्तुं तस्याः स्वरूपमाह सा चेति ।

શ્લોકાર્થ - ૬ : બાળકનું તે કામ છે તે અને માછલાના ઉદરમાં પ્રવેશ થયો તેવું બધું નારદે તેને કહ્યું. (૬)

ભાવાર્થ, સુબોધિનીજી : બાળકનું કામ હોવાપણું અને શ્રીકૃષ્ણથી ઉત્પત્તિ અને નારદની પ્રેરણાને લીધે શંબર દ્વારા માછલાના ઉદરમાં પ્રવેશ અને માયાવતી પાસે આવવું તે સ્પષ્ટ જ હતું. તે અનુક્રમે સાત્વિક,રાજસ અને તામસ્ ત્રણ કહયાં. જો આ કામ માછલાના ઉદરમાં રહ્યો ન હોત તો ભવિષ્યમાં કામને લીધે ભગવાનના સ્ત્રીઓ સાથેના વિવાહો અયોગ્ય થાત. (૬)

પછી તેને ઓળખીને તેને રાખ્યો. તે નીચેના શ્લોકથી કહે છે.

सा च कामस्य वै पत्नी रतिर्नाम यशस्विनी ।
पत्युर्निर्दग्धदेहस्य देहोत्पत्तिं प्रतीक्षती ॥७॥

तस्याः आकाङ्क्षित एवायं स्थितः । चकारस्त्वर्थसमुच्चयार्थः । नारदः अकथयत् । साप्याकाङ्क्षायुक्तेति । कामस्यैव पत्नी, न तु कामेन यस्य कस्यचित् । रतिरिति तस्या नामेति प्रसिद्धिः । अनेन लोकेऽपि । तस्या निन्दाभाव उक्तः । यथा कामः पुरुषेषु, तथा रतिः स्त्रीषु प्रतिष्ठितेति प्रसिद्धिः । किञ्च । यशस्विनी प्राप्तयशाः । अतो यशःसम्बन्धात् नापकीर्तिसम्भावना । नन्वेतादृशी भर्तृमरणे वैधव्यधर्मपरिपालनाय योग्या कथं रूपान्तरस्थपतिं गृहीतवती, तत्राह पत्युर्निर्दग्धदेहस्येति । न हि पतिर्मृतोऽस्ति । अन्यथा जगदुत्पत्तिरेव न स्यात् । किन्तु देह एव दग्धः, तस्योत्पत्तिमेव प्रतीक्षते ॥७॥

तस्यास्तत्रागमने हेतुमाह निरूपितेति ।

શ્લોકાર્થ - ૭ : તે પણ રતિ નામની કામની યશસ્વિની સ્ત્રી જ હતી. અને બળી ગએલા દેહવાળા પતિના દેહની ઉત્પત્તિની રાહ જોતી હતી. (૭)

ભાવાર્થ, સુબોધિનીજી : જે તેની આકાંક્ષા રાખતી હતી તે જ આ હતો.

'च' વળી શબ્દ નારદે કહ્યું અને માયાવતી આકાંક્ષા રાખતી હતી એમ એક જ અર્થ દર્શાવનાર છે. તે કામની જ સ્ત્રી હતી. પણ કામને લીધે તે કોઈ બીજાની થઈ ન હતી. 'રતિ' તેનુ નામ હતું. એમ તે પ્રસિદ્ધ થઈ હતી. લોકમાં પણ તેની નિંદા થઈ ન હતી. માત્ર કામ પુરૂષોમાં જ રહેલો છે. એમ રતિ સ્ત્રીઓમાં રહેલી છે. એવી પ્રસિદ્ધિ છે. વળી તે યશસ્વિની હતી તેનો યશની સાથે સંબંધ હોવાથી અપકિર્તિ થવાનો સંભવ ન હતો. પતિનું મરણ થતાં તે વૈધવ્ય ધર્મોનું પાલન કરવા યોગ્ય હતી પણ તેને બીજારૂપમાં રહેલા પતિને કેમ સંઘર્યો? એવી શંકા થાય તેથી ઉત્તરાર્ધમાં યોજેલ છે.

પતિ મરણ પામેલ ન હતો. જો મરણ પામ્યો હોત તો જગતની ઉત્પત્તિ જ ન થાત પરંતુ તેનો દેહ જ બળી ગયો હતો. અને તે દેહની ઉત્પત્તિની જ રાહ જોતી હતી. તે માયાવતીને ત્યાં રસોડામાં આવવાનું કારણ હવે કહે છે.(૭)

निरूपिता शम्बरेण सा सूपौदनसाधने ।
कामदेवं शिशुं बुद्धा चक्रे स्नेहं सदार्भके ॥८॥

VIBRANT PUSHTI * VADODARA *

सूपौदनानां पाचने । सा हि मायां जानाति सूपकाराणाम् । तन्माया प्राणहारिणी भवतीति तद्रक्षार्थं पाकस्थाने नियुक्ता । अनेन भक्ष्यभोज्यादिसम्पत्तिः तस्याः सिद्धा । लोकाः तस्याः पुत्रत्वेन तं जानन्ति । सा तु न पुत्रत्वेन तं प्रति पालतिवती, अपि तु काममेव बुद्धा, तत्रापि देवं पतिं शिशुत्वेन समागतम्, अर्भके स्नेहं चक्रे ॥८॥

ततोऽल्पेनैव कालेन मत्स्योदरसम्बन्धात् भगवत्सम्बन्धाच्च सप्तम एव वर्षे यौवनं प्रादुर्भूतमित्याह नातिदीर्घेण कालेनेति ।

<u>શ્લોકાર્થ - ૮ :</u> શંબરે તેને માંસવાળો ભાત રાંધવા રાખેલી. પછી બાળકને કામદેવ જાણી તેની પર પ્રેમ રાખવા લાગી. (૮)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> માંસવાળો ભાત રાંધવા તેને રાખેલી કારણ કે કપટ પ્રાણ માંસ રાંધનારાઓના કપટ જાણતી હતી. તેમનું કપટ પ્રાણ હરનારૂ થતું હોવાથી તેની રક્ષા થાય તે માટે તેને રસોડામાં રાખી હતી. વળી ખાવાની

સામગ્રી તેને પ્રાપ્ત થઈ. આ લોકો તે બાળકને તેનો પુત્ર જાણતા હતા. પણ તે તેનું પુત્ર તરીકે પાલન કરતી નહતી પણ તેને કામ જ જાણી પતિ તરીકે જાણી પ્રેમ રાખવા લાગી.(૮)

પછી માછલાના ઉદરના સંબંધને લીધે અને ભગવાનના સંબંધને લીધે થોડા સમયમાં સાત જ વર્ષમાં તેનામાં જુવાની યૌવન દેખાયું તે હવે નીચેના શ્લોકથી કહે છે.

नातिदीर्घेण कालेन स कार्ष्णी रूढयौवनः ।
जनयामास नारीणां वीक्षन्तीनां च विभ्रमम् ॥९॥

षोडशे वर्षे यौवनप्रादुर्भावः, कस्यचित् द्वादशे, कस्यचिदष्टम एव । अयं नातिदीर्घः कालः, यतः कार्ष्णिः पितुः पुत्रः । रूढं यौवनं यस्य । तदा वीक्षन्तीनां विभ्रमं जनयामास । युवतीनां यदा मनोवृत्तिः, तदा सर्वजनीनं यौवनम् । अन्यथा अलौकिकमेव यौवनंस्यात् । किंबहुना वीक्षन्तीनां देवस्त्रीणामपि जनयामास ॥९॥

<u>શ્લોકાર્થ - ૯ :</u> થોડા જ સમયમાં જુવાનીમાં આવેલા શ્રીકૃષ્ણના તે પુત્ર સ્ત્રીઓને મોહ ઉત્પન્ન કરવા લાગ્યો. (૯)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u>સોળમા વર્ષમાં આઠમા વર્ષે જુવાની આવે છે. આને સાતમા વર્ષે જુવાની આવી. કારણ કે શ્રીકૃષ્ણનો પુત્ર હતો. યૌવનમ્ એટલે જુવાની. તે તેને જોનારી સ્ત્રીઓને મોહ ઉત્પન્ન કરવા લાગ્યો. જ્યારે સ્ત્રીઓના મનમાં મોહ ઉત્પન્ન થાય ત્યારે જુવાની પ્રસિદ્ધ થાય. જો સ્ત્રીઓના મનમાં મોહ ઉત્પન્ન ન થતો હોય તો જુવાની અલૌકિક જ રહે. તે પ્રમાણે તે દેવોની સ્ત્રીઓને પણ મોહ ઉત્પન્ન કરવા લાગ્યો. (૯)

सा तं पतिं पद्मदलायतेक्षणं प्रलम्बबाहुं नरलोकसुन्दरम् ।
सव्रीडहासोत्तभितभ्रवेक्षती प्रीत्योपतस्थे रतिङ्ग सौरते : ॥१०॥

ततः पतित्वात् चिरममिलषितत्वात् यौवनविलम्बाच्च प्राप्ते यौवने तमुपतस्थे । एतदग्रिमकार्यर्थं निरूप्यते पद्मदलायतेक्षणमिति । कामोद्बोधकत्वात् कामत्वाच्च । तस्याः सङ्गाभावेन स्थातुमशक्तिमाह प्रलम्बबाहुमिति । उपगूहनसामर्थ्यं

सर्वाङ्गसुखत्वाय । नरलोकसुन्दरमिति । तादृशे मोह उचित एवेति हेतुरुक्तः स्वभावोद्गिरणार्थम् । प्रथमतो व्रीडा नवसङ्गमं भावयति । ततो जाते रसे हासः । उभाभ्यामुत्तम्भिता या भ्रुः । सङ्गेच्छां पातिव्रत्यं च कटाक्षदर्शनेन सूचयन्ती प्रीत्या उपतस्थे । इदमुपस्थानं न देवताराधनमिव, किन्तु सौरतैः सुरतभावैः, यत इयं रतिः । ततः प्रद्युम्नः क्रियाशक्त्यैवाविर्भूत इति ज्ञानाभावस्तस्य प्रकाश्यते भगवद्वैलक्षण्याय । अन्यथा तुल्यतैव स्यात् । यदि ज्ञानशक्तिरपि भवेत् ॥१०॥

શ્લોકાર્થ - ૧૦ : હે અંગ! તે રતિ કમળના પત્ર જેવા વિશાળ નેત્રાવાળા, ઘણા લાંબા બાહુવાળા, નરલોકમાં સુંદર તે પતિને પ્રેમથી લજ્જાયુક્ત હાસ્યને લીધે ઊંચી થએલી ભ્રમરવાળી આંખથી જોતી કામભાવથી સેવવા લાગી. (૧૦)

ભાવાર્થ, સુબોધિનીજી : પછી તે પતિ હોવાથી, જુવાનીમાં વિલંબ થવાથી, તેને જુવાની પ્રાપ્ત થતાં 'રતિ' તેને સેવવા લાગી. 'કમળના પત્ર જેવા વિશાળ નેત્રવાળા' વિશેષણથી તે કામને જાગૃત કરનાર હોવાથી અને કામરૂપ હોવાથી તેના સંગ વગર રહેવાની રતિની અશક્તિ કહી છે. 'ઘણા લાંબા બાહુવાળા' વિશેષણથી રતિના સર્વ અંગોને સુખ થાય તે માટે આલિંગન કરવાનું સામર્થ્ય કહેલું છે. 'નરલોકમાં સુંદર' વિશેષણથી સ્વભાવ પ્રગટ થાય તે માટે તેવા પતિમાં મોહ યોગ્ય છે એ કહેલું છે. આરંભમાં લજ્જા નવીન સંગમ કરે છે. વળી રસ ઉત્પન્ન થતાં હાસ્ય થાય છે. કટાક્ષથી જોવાની ઇચ્છા પતિવૃતાપણું સૂચવતી હોવાથી પ્રેમથી સેવવા લાગી. આ સેવા દેવતાના આરાધનરૂપ કરતી ન હતી પણ કામભાવથી કરતી હતી. કારણ કે આ રતિ હતી. (૧૦)

પછી પ્રદ્યુમ્નનો માત્ર ક્રિયાશક્તિથી આર્વિભાવ થએલો હોવાથી ભગવાનથી તેનો ભેદ જાણાય તે માટે તેનામાં જ્ઞાન ન હતું એમ નીચેના શ્લોકમાં જણાવવામાં આવે છે. જો તેનામાં જ્ઞાનશક્તિ પણ હોય તો ભગવાન સાથે સમાનપણું જ થાય.

तामाह भगवान्कार्ष्णिर्मातस्ते मतिरन्यथा ।
मातृभावमतिक्रम्य वर्तसे कामिनी यथा ॥११॥

VIBRANT PUSHTI
VADODARA

तामाहेति । भगवान धर्मपरः, यतः कार्ष्णिः । मर्यादार्थमवतीर्ण : । सदानन्दाङ्कुरोऽपि सदानन्द एवेति अपेक्षाभावाद्वा तथोक्तवान् । मातरिति सम्बोधनात् अज्ञानम् । व्यवहारे तथात्वात् । अनेनं कामस्य धर्मविरोधित्वं सहजं निरूपितम् । अन्यथा मातृपदमुच्चार्य पश्चात्तस्यां सङ्गं न कुर्यात् । लौकिकी भाषेयमिति न पारमार्थिको विरोधः । माता हि मानं पालयति स्वस्य अन्यस्य च । न हि विवृतेष्वङ्गेषु मानं तिष्ठति । अतः सर्वप्राणिनामेव माता संरक्ष्या । अतो मातृभावं परित्यज्य गुप्तं कामं दूरीकृत्य यथा कामिनीप्रकटकामा तद्वद्वर्तस इति ॥११॥

तदा तिरोहितज्ञानमेनं मत्वा अज्ञानादुक्तमनुक्तमिति बोधयति भवान्नारायणसुत इति ।

<u>શ્લોકાર્થ - ૧૧ :</u> તેને ભગવાન કાષ્ણિએ કહ્યું કે હે માતા ! તારી બુદ્ધિ બગડી છે. તું માતાપણાનો ત્યાગ કરીને સ્ત્રીની પેઠે વર્તન કરે છે. (૧૧)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> 'ભગવાન' એટલે ધર્મમાં આસકિતવાળો હતો કારણ કે કાષ્ણિ શ્રીકૃષ્ણનો પુત્ર હોઈ મર્યાદા સાચવવા માટે જ અવતાર હતો. અથવા સદાનંદનો અંકુર પણ સદાનંદ જ હોય પોતે ભગવાન હોવાથી તેને રતિની જરૂર નહિ હોવાથી તેને માતાને એમ કહ્યું ' હે માતા ' ! એ સંબોધનથી તેનું અજ્ઞાન જણાવે છે. એમ કહેલું છે કે કામ કુદરતી રીતે ધર્મનો વિરોધી છે. તેમ ન હોત તો માતા શબ્દ બોલી પછી તેની સાથે સંગ ન કરત. આ લૌકિકિ ભાષા હોવાથી આમાં વાસ્તવિક વિરોધ નથી.

માતા પોતાનું અને બીજાનું માન સાચવે છે. અંગો ખુલ્લાં થાય ત્યારે માન રહેતું નથી. તેથી બધાએ પ્રાણીઓને માતા સંરક્ષણ કરવા યોગ્ય જ છે. તેથી માતાપણાનો ત્યાગ કરીને જેમ પ્રગટ કામવાળી સ્ત્રી વર્તન કરે તેમ તું વર્તન કરે છે એમ કહેલું છે.

તે સમયે આવું જ્ઞાન જતું રહેલું છે. એમ માની અજ્ઞાનથી કહેલું બરાબર હોવાથી તે સત્ય સ્થિતિ હવે જણાવે છે.

रति उवाच - भवान्नारायणसुतः शम्बरेण हृतो गृहात् ।
अहं ते दयिता पत्नी रतिः कामो भवान्प्रभो ॥१२॥

स हि शम्बरं पितरं तां च मातरं मन्यते । तन्निषेधार्थमाह नारायणसुत इति । एकनिषेधेनैव इतरस्य सिद्धत्वात् । स्वरूपं चाग्रे वक्तव्यमिति निरूपयति । नारायणपुत्रः कथमत्रागत इत्यत्रोपपत्तिमाह गृहाच्छम्बरेण हृत इति । साधारण्यपि धात्री मातृवदेव परिपाल्येति चेत्, तत्राह अहं ते दयिता पत्नीति । दयितात्वाल्लोकतस्त्यागं नार्हति । पत्नीत्वान्न वेदतः । तथापि लोके प्रसिद्ध्यभावात् कथमेवमिति चेत्, तत्राह रतिरिति । भवांश्च काम इति ॥१२॥

कामस्य कथमत्र शत्रुगृहे स्थितिरिति, तत्राह एव त्वेति ।

<u>શ્લોકાર્થ -૧૨ :</u> *તમે શંબરે ઘરમાંથી હરેલા નારાયણના પુત્ર છો. હે પ્રભો ! હું તમારી વહાલી સ્ત્રી રતિ છું. તમે કામ છો. (૧૨)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> કારણ કે તે કામ શંબરને પિતા અને રતિને માતા માનતો હતો. તે ખોટું છે તેમ જણાવવા ‘તમે નારાયણના પુત્ર છો’ એમ કહેલું છે એક ખોટું કહેવાથી બીજું પણ ખોટું ઠરતું હોવાથી અને પોતાનું સ્વરૂપ આગળ કહેવાનું હોવાથી એમ કહેલું છે.

નારાયણનો પુત્ર અહીં કેમ આવ્યો? તે શંકામાં ‘શંબરે ઘરમાંથી હરેલા’ વિશેષણથી કહેલું છે. સાધારણ ધાવતું પણ માતાની માફક સરંક્ષણ કરવું જોઈએ એવી શંકા થાય તેથી હું તમારી વહાલી સ્ત્રી છું. એમ કહેલું છે. વહાલી હોવાથી લોકના નિયમ મુજબ ત્યાગ કરવા યોગ્ય નથી. સ્ત્રી હોવાથી વેદના નિયમ મુજબ ત્યાગ કરવા યોગ્ય નથી. છતાંપણ લોકમાં મારી સ્ત્રી તરીકે પ્રસિદ્ધ નહિ હોવાથી એમ વર્તન કેમ થાય? એવી શંકામાં ‘હું રતિ છું’ અને તમે કામ છો એમ કહેલું છે. કામ અહીં શત્રુના ઘરે કેમ આવ્યો? તેથી નીચેના શ્લોક કહે છે.

एष त्वाऽनिर्दशं सिन्धावाक्षिपच्छम्बरोऽसुरः ।
मत्स्योऽग्रसीत्तदुदरादिह प्राप्तो भवान्प्रभो ॥१३॥

VIBRANT PUSHTI
VADODARA

एव त्वामिति । असुरत्वात्तथाकरणम् । मत्स्यो हि स्वज्ञातिधाती । तदुदरादिह प्राप्त इत्यनेन सोऽपि हतो निरूपितः ॥१३॥

शम्बरः परमवशिष्यते, अतस्तं जहीत्याह तमिममिति ।

श्लोकार्थ - १३ : हे प्रभो ! दश दिवसथी नाना तमने शंबरे दरीआमां नाखी दीधेला. माछलुं गळी गयुं.. तेना उदरमांथी तमे अहीं नीकळ्या. (१३)

ભાવાર્થ, સુબોધિનીજી :શંબર અસુર હોવાથી તેને તેમ કરેલ. માછલું પોતાની જાતને પણ હણનારૂં છે.એટલે 'તેના ઉદરમાંથી અહીં નીકળ્યા' એમ કહ્યું.પછી તે માછલું પણ મરાયું એમ જણાવ્યું. પણ શંબર જીવતો રહ્યો. તેથી તેને હણો એમ હવે કહે છે. (૧૩)

तमिमं जहि दुर्धर्षं दुर्जयं शत्रुमात्मनः ।

मायाशतविदं त्वं च मायाभिर्मोहनादिभिः ॥१४॥

सावधानत्वाय तस्य गुणानाह दुर्धर्षं दुर्जयं शत्रुं मायाशतविदमिति । दुर्धर्षत्वात् न लौकिकोपायेन मारयितुं शक्यः । अनेन विषदानादिप्रकारा अपि व्यावर्तिताः । दुर्जयत्वात् क्षत्रियधर्मेणापि मारयितुमशक्यः । शत्रुत्वान्नोपेक्षणीयः । आत्मन इति । धातादेव निवर्तते, नान्यथेति सूचितम् । तर्हि अलौकिकयुद्धेन मारणीय इति पक्षं निवारयति मायाशतविदमिति । तर्ह्यवध्यः कथं मारणीय इति चेत्, तत्रोपायमाह । त्वं च मायाभिर्मोहनादिभिः सहितः इमं जहि । आदौ मोहय, ततस्तन्मायाः प्रतियोगिमायाभिर्दूरीकुरु । असुराणां हि माया भगवाननिति, 'तस्मादेवंवित् सर्वैरेव प्रकारैः उपासीतेति उपासनायास्तुल्यत्वात् । अनेकधोपासकस्य विशिष्टत्वाच्च मोहनादिभि-मायाभिस्तन्मायादूरीकरणं युक्तमेव ॥१४॥

ननु यथा ममाज्ञानम्, एवं तस्यापीति, ज्ञाने सत्येव अपकारित्वात्, न मारणीय इति चेत्, तत्राह परिशोचतीति

श्लोकार्थ - १४ : ते हुमलो करी न शकाय तेवा, जीती न शकाय तेवा, सेंकडो माया जाणनारा तमारा शत्रुने मोह करनारी मायाओथी तमे तेने जीतो. (१४)

ભાવાર્થ, સુબોધિનીજી : 'હુમલો કરી ન શકાય, જીતી પણ ન શકાય એવા સેંકડો માયા જાણનારા શત્રુ' શબ્દોથી પ્રદ્યુમ્ન સાવધાન થાય તે માટે શંબરના ગુણો કહેલા છે. તે હુમલો કરી ન શકાય તેવો હોવાથી લૌકિક ઉપાયથી હણી શકાય તેવો નથી. આથી ઝેર આપવું વિગેરે ઉપાયો પણ નકામા છે. તે 'જીતી ન શકાય તેવો' હોવાથી ક્ષત્રીયના યુદ્ધથી પણ હણી શકાય તેવો ન હતો. 'શત્રુ' હોવાથી અવગણના કરાય તેવો પણ ન હતો. 'આત્મનઃ' 'તમારા' શબ્દથી સૂચવેલું છે કે તેને હણવાથી શત્રુ મટશે બીજા પ્રકારે અટકશે નહિ.

ત્યારે અલૌકિક યુદ્ધથી તેને હણવો જોઈએ. એવો વિચાર 'સેંકડો માયા જાણનારા' થી ખોટો ઠરાવે છે. ત્યારે તેને કેવી રીતે હણવો ? એવી શંકા થાય તેથી મોહ કરનારી માયાઓથી યુક્ત થઈ તમે હણો. આરંભમાં તેને મોહ ઉત્પન્ન કરો પછી સામી માયાઓથી તેની માયાને દૂર કરો કારણ કે અસુરોની માયા બળવાન હોવાથી એમ જાણનારે બધાએ ઉપાયથી ઉપાસના કરવી. અનેક પ્રકારે ઉપાસના કરનારો ઉત્તમ હોવાથી તેની માયાને દૂર કરવી એજ યોગ્ય છે. (૧૪)

જેમ તે મારો શત્રું છે તે હું જાણતો નથી. તેમ તે પણ જાણતો નથી. તેથી તેને હણવો ન જોઈએ એવી શંકા થાય ત્યારે નીચેનો શ્લોક કહે છે.

VIBRANT PUSHTI * VADODARA *

परिशोचति ते माता कुररीव गतप्रजा ।
पुत्रस्नेहाकुला दीना विवत्सा गौरिवातुरा ॥१५॥
प्रभाष्यैवं ददौ विद्यां प्रद्युम्नाय महात्मने ।
मायावती महामायां सर्वमायाविनाशिनीम् ॥१६॥

माता हि दयापात्रम्, अतस्तद्दुःखदूरीकरणार्थं मारणीय एवेति भावः । ते मातेति सम्भावनया वदति । तस्या रुक्मिणीत्वं वा वैदर्भीत्वं वा न शोकनिवारकमिति तन्नोक्तम् । कुररी विवेकरहिता, सा रात्रौ शोचति । अनेन निद्राभावोऽपि सूचितः । गतप्रजेति शोकहेतुः गता केनचिदपहृता प्रजा यस्याः । नष्टायां पुनरावृत्तिशङ्काभावात्तथा न शोकः । सापि प्रजा पुत्ररूपेति नान्तःशोकमात्रं जनयति, किन्तु सर्वदेहेन्द्रियाणां सर्वक्रियाराहित्यमपि

करोतीत्याह पुत्रस्नेहाकुलेति । पुत्रस्नेहोऽत्यन्तं व्याकुलतां सम्पादयतीति लोकप्रसिद्धः । किञ्च । पितृभ्रात्रादिभिः विरोधात् परित्यक्ता । एवं बन्धुविरोधेन मातृपक्षसहायाभावात् दीना पुत्रेणैव समाहिता भवति । अतस्तदर्थमपि गन्तव्यमित्यर्थः । किञ्च । विवाहप्रभृतिमनःपरितोषाभावतः जाते पुत्रे पित्रादयः मानयेरन् । तस्मिन्नपि गते चिन्तया आतुरा अपि भविष्यतीत्याह आतुरेति । आतुरो ज्वरी । विवेकेन सर्वसमाधानं भविष्यतीति चेत् । तत्र दृष्टान्तमाह गौरिवेति । वत्साभावे यथा गौः । तस्या हि न कापि ममता, सर्वा ममता वत्स एव भवति । अन्येषां तु विभक्ता ममता भवति । अतो गौर्दृष्टान्तीक्रियते सर्वत्र । इयं च सर्वतो ममतामाकृष्य त्वय्येव स्थापितवतीति गोतुल्या भवति । एवं निरूपणमात्रेण कार्यं न सिध्यतीति । एवं प्रभाष्य विद्यामपि ददौ । स्त्रीदत्ताया विद्यायाः तदैव सिद्धिः । प्रद्युम्नो हि विद्याग्रहणयोग्यः, नाम्नैव प्रसिद्धत्वात् । महात्मन इति विद्या फलिष्यतीति सूचितम् । सा विद्या स्वस्मिन्नागता मायैवेति ज्ञापयितुं मायावतीत्युक्तम् । दैत्यादीनामिव माया साधारणी भविष्यतीति तद्व्यावृत्यर्थमाह महामायामिति । इयं हि सर्वानेव भगवदंशान् व्यामोहयितुं प्रवृत्ता महामाया । ननु दैत्यानां भगवानेव माया भवतीति कथमस्या महामायाम् , तत्राह सर्वमायाविनाशिनीमिति । तत्र हि स्वल्पाभिव्यक्तिः स्वधेत्यादाविव, परव्यामोहार्थं तद्रूपो भूत्वा पालयति । न तु तेषां मोक्षं प्रयच्छति । अतो बाधकेषु जीवचैतन्यमिव तदपि तिरोभूतमिति सर्वमायाविनाशित्वम् ॥१६॥

ततः प्राप्तविद्यः अक्लिष्टकर्मा ज्ञापयित्वैव मारयिष्यामीति विद्याप्राबल्यं वक्तुमात्मानमाह स च शम्बरमिति ।

શ્લોકાર્થ - ૧૫ : ગરમ થએલી પ્રજ્ઞાવાળી તમારી માતા, પુત્ર ઉપરના પ્રેમથી વ્યાકુલ થઈ ગએલા વાછરડાંવાળી ગાયની પેઠે દુઃખી થઈ, ટીંટોડીને પેઠે શોક કરે છે. (૧૫)

ભાવાર્થ, સુબોધિનીજી : કારણ કે માતા દયાને યોગ્ય જ છે. તેથી તેનું દુઃખ દૂર કરવા આને હણવો જ જોઈએ. એવો ભાવ છે.

'તમારી માતા' એમ માનથી કહે છે. તે માતાનું રૂકિમાણીપણું અથવા વૈદર્ભીપણું હોવાથી શોકને દૂર કરનારૂં હોવાથી કહેલ નથી. ટીટોડી વિવેક વગરની હોય છે. તે રાતે શોક કરે છે. આ દૃષ્ટાંતથી માતાને રાતે ઉંઘ આવતી નથી એમ સૂચવેલું છે. 'ગરમ થએલી પ્રજાવાળી' વિશેષણથી શોકનું કારણ કહેલું છે. કોઈએ હરી લીધેલી હોઈ પાછી આવવાની શક્યતા ન હોવાથી તેનો શોક થતો નથી. પણ તે પ્રજા પુત્રરૂપ હોવાથી આમ અન્તઃકરણમાં શોક ઉભો કરે છે. એમ 'પુત્ર ઉપરના પ્રેમથી વ્યાકુલ' આ વિશેષણથી કહેલું છે. પુત્ર ઉપરનો પ્રેમ ઘણું જ વ્યાકુલપણું કરે છે. એમ લોકમાં પ્રસિદ્ધ છે. વળી વિરોધને લીધે પિતાએ અને ભાઈઓએ તેને તજેલી હતી. તેથી માતાના પક્ષમાં કોઈ સહાય કરનારા ન હોય તેથી બાપડીના મનનું પુત્રથી જ સમાધાન થાય. તે માટે પણ જવું જોઈએ એવો અર્થ છે. વળી વિવાહ પછી મનનો સંતોષ નહિ હોવાથી, પુત્ર ઉત્પન્ન થાય ત્યારે પિતા વિગેરે તેની ગણના કરે. પણ પુત્ર ખોવાઈ જાય ત્યારે ચિંતાને લીધે દુઃખી પણ થાય એમ 'દુઃખી' વિશેષણથી જણાવેલ છે.

'વિવેકથી બધા દુઃખનું સમાધાન થશે' એવી શંકા થાય તેથી 'ગાયની પેઠે' દૃષ્ટાંત આપેલ છે. વાછરડાં વિનાની જેવી ગાય. એટલે તેની બધી મમતા તેના વાછરડાંમાં જ હોય છે. બીજાઓની મમતા તો વહેંચાએલી હોય છે તેથી સર્વે સ્થળે ગાયનું દૃષ્ટાંત આપેલ છે. તેથી તે ગાય જેવી છે. એમ કહેલ છે. (૧૫)

<u>શ્લોકાર્થ - ૧૬ :</u> *એમ કહી માયાવતીએ મહાત્મા પ્રદ્યુમ્ને સર્વ માયાઓનો નાશ કરનારી મહામાયા નામની વિદ્યા આપી. (૧૬)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> એમ માત્ર કહેવાથી પ્રયોજન સિદ્ધ થાય નહિ. તેથી તે વિષય પણ જાણવો જોઈએ તેથી તે પ્રમાણે કહીને માયાવતીએ વિદ્યા આપી. સ્ત્રીએ આપેલી વિદ્યા તરત જ ફળે છે. પ્રદ્યુમ્ન પણ તે વિદ્યા ગ્રહણ કરવા યોગ્ય જ હતો. તે 'મહાત્મા' વિશેષણથી જણાવેલ છે. તે વિદ્યા ફ્લશે. તે વિદ્યા રતિની અંદર આવેલી માયા જ હતી એમ જણાવવા 'માયાવતી' નામ છે. 'દૈત્યોની માયા સાધારણ હસે' એવી શંકા થાય તેથી તેવી ન હતી એમ જણાવવા 'મહામાયા' શબ્દ યોજેલ છે. કારણ કે બધાએ ભગવાનના અંશોને

મોહ કરવા થએલી આ મહામાયા હતી. દૈત્યોની માયા ભગવાન જ થાય છે. તેથી આ મહામાયા કેમ હોય? એવી શંકા થાય તેથી 'બધી માયાનો નાશ કરનારી' વિશેષણ છે. કારણ કે દૈત્યોની માયામાં 'સ્વધા' વિગેરેમાં થાય છે. તેમ ભગવાનનો પ્રકાશ થાય છે. બીજાઓને મોહ ઉત્પન્ન કરવા ભગવાન તેવારૂપવાળા થઈ પાલન કરે છે. પણ તેઓને મોક્ષ આપતા નથી. તેથી પીડા કરનારાઓમાં જેમ જીવનું ચૈતન્ય તિરોહિત રહે છે. તેમ તે પણ તિરોહિત રહે છે. તેથી આ માયા સર્વ માયાનો નાશ કરનારી છે. (૧૬)

પછી વિદ્યા મેળવેલો હું કલેશ વગર કર્મ કરનાર તેને જાણ કરાવીને જ હણીશ અને તેને શંબરને પડકાર કર્યો. તે હવે કહે છે.

स च शम्बरमभ्येत्य संयुगाय समाह्वयत् ।
अविषह्यैस्तमाक्षेपैः क्षिपन्संजनयन्कलिम् ॥१७॥

चकारात्तद्गतो भगवान् । पूर्वक्रियया समुच्चयं वा आह । तथा सति विद्याग्रहणं तन्मारणार्थमेवेति फलिष्यति । अभ्येत्य निकटे गत्वा । शङ्काभावो निरूपितः । व्याजेन प्रवर्तनं वारयति संयुगाय समाह्वयदिति । बालवाक्यं मत्वा न प्रवर्तेतेति अधिक्षेपमप्याह अविषह्यैरिति । तं प्रसिद्धम् । प्रसिद्धो ह्यल्पमप्याक्षेपं न सहते । तत्रापि नान्यदीयमनुवदति किन्तु स्वयमेव क्षिपति । स्नेहात्पुत्रादयोऽपि १ कदाचिदेवं कुर्वन्तीति तद्व्यावृत्त्यर्थमाह संजनयन्कलिमिति । कलहमुत्पादयन् । अहं प्रद्युम्नः कामः, त्वं शत्रुः, त्वां मारयिष्यामीत्यादिवाक्यान्युक्तवानित्यर्थः ॥१७॥

ततो युद्धार्थं प्रवृत्त इत्याह सोऽधिक्षिप्त इति ।

<u>શ્લોકાર્થ - ૧૭ :</u> *તેણે શંબર પાસે જઈ. સહન ન થાય તેવી ગાળોથી તેનો તિરસ્કાર કરી કજીઓ ઉત્પન્ન કરી યુદ્ધ માટે પડકાર્યો. (૧૭)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> 'ચ' અને શબ્દથી પ્રદ્યુમ્નની અંદર પ્રવેશ કરેલા ભગવાન કહેલા છે. તેને હણવા માટે જ વિદ્યા ગ્રહણ કરી છે. તેને 'પાસે જઈને' ભય ન હતો એમ જણાવ્યું છે. 'યુદ્ધ માટે પડકાર્યો' શબ્દોથી છલથી પ્રવૃતિ કરી ન હતી. તે જણાવે છે બાળકનું વાક્ય છે એમ માની શંબર યુદ્ધ કરવા તૈયાર થાય

નહિ તેથી 'સહન ન થઈ શકે તેવી ગાળોથી' તેનો તિરસ્કાર કર્યો એમ કહેલું છે. કારણ કે તે તિરસ્કાર સહન કરી શકશે નહિ. સ્નેહને લીધે પુત્ર વિગેરે કોઈવાર એમ કરે છે તેથી આ તિરસ્કાર તેવો ન હતો એમ જણાવવા 'કજીઓ ઉત્પન્ન કરતાં' શબ્દો યોજેલ છે. એટલે હું પ્રદ્યુમ્ન કામ છું અને તું મારો શત્રું છે હું તને હણીશ. પછી શંબર યુદ્ધ કરવા તૈયાર થયો તે હવે કહે છે. (૧૭)

VIBRANT PUSHTI * VADODARA *

सोऽधिक्षिप्तो दुर्वचोभिः पादाहत इवोरगः ।
निश्चक्राम गदापाणिरमर्षात्ताम्रलोचन : ॥१८॥

यथा तस्मिन् स्नेहः, एवं द्वेषोऽपीति कथं प्रवृत्तिरित्याशङ्क्य आक्षेपस्य दुष्टत्वामाह दुर्वचोभिरिति । दुर्वचोभिराक्षिप्तः पितापि पुत्रं मारयतीति कृत्रिमत्वे जाते कथं न प्रवर्तेतेत्यर्थः । ननु मृत्युरयमिति विशेषेण समागत इति भयात् कथं न निवृत्तः, तत्राह पादाहत इवोरग इति । दीर्घरोषः सर्पः मरणमप्यङ्गकरोति, न तु निवर्तत इति। तस्य हि क्रोध एव परिपाल्यः, नत्वन्ये । तत एकेन सह एकेनैव युद्धं कर्तव्यमिति गदापाणिरेव निर्गतः । नापि बद्धकवचः, नापि ससहायः । तथा निर्गमने हेतुरमर्षात्ताम्रलोचन इति । क्रोधवशान्न किञ्चिज्ज्ञातवान् । दृष्टिरपि ताम्रेति दृष्ट्वापि न ज्ञातवान् ॥१८॥

ततः प्रथमत एव स्वयं मारणार्थं प्रवृत्त इत्याह गदामाविध्येति ।

<u>શ્લોકાર્થ - ૧૮ :</u> પગથી ચગદાએલા સાપની પેઠે, દુષ્ટ વચનોથી તિરસ્કારેલો તે ક્રોધને લીધે, લાલ નેત્રોવાળો થઈ, ગદા લઈ બહાર નીકળ્યો. (૧૮)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> જેમ પ્રદ્યુમ્ન માટે તેને સ્નેહ હતો. તેમ દ્વેષ પણ હતો. તો યુદ્ધ માટે કેમ તૈયાર થયો? એવી શંકામાં 'દુષ્ટ વચનોથી' શબ્દથી તિરસ્કાર કરેલો કહેલ છે. તેવો પિતા પુત્રને પણ હણે છે. તેથી યુદ્ધ માટે પ્રવૃત્તિ કરી.

આ પ્રદ્યુમ્ન મારૂં મૃત્યું ખાસ પ્રકારથી આવેલ છે. એવા ભયથી શંબર યુદ્ધ માટે કેમ અટક્યો નહિ? એવી શંકામાં 'પગથી ચગદાએલા સાપની પેઠે' એવું દ્દષ્ટાંત આપેલું છે. કારણ કે ઘણા રોષવાળો સાપ મરણ પામે છે પણ યુદ્ધથી

અટકતો નથી. તેને ક્રોધ જ છે. પછી 'એકની સાથે એકલાએજ યુદ્ધ કરવું જોઈએ' એવા વિચારથી હાથમાં ગદા લઈને બહાર નીકળ્યો. પણ કવચ પણ પહેર્યું નહિ. તેમ જ કોઈને સહાય માટે સાથે લીધો નહિ. તેનું કારણ ક્રોધને લીધે લાલ નેત્રોવાળો વિશેષણથી કહેલું છે. નેત્ર પણ લાલ હોવાથી આ મારૂં મૃત્યું છે તેની ખબર પડી નહિ. (૧૮)

પછી આરંભમાં શંબરે તેને હણવા માટે પ્રવૃત્તિ કરી તે કહે છે.

गदामाविध्य तरसा प्रद्युम्नाय महात्मने ।
प्रक्षिप्य व्यनदन्नादं वज्रनिर्घोषनिष्ठुरम् ।।१९।।

क्रोधवशान्महतीमपि गदामुत्तोल्य भ्रामयित्वा वा । तरसा यावन्न सावधानो भवति। अनेन अपराधादपि तस्य पराजय एवेति सूचितम् । महात्मन इति। तस्य पलायनाद्यभावः सूचितः । प्रक्षेपमात्रेणैव मारित इति मत्वा व्यनदत् । मूर्च्छितस्य तेन नादेन सुतरां मरणं भवतीति ज्ञापयितुं विशिनष्टि वज्रनिर्घोषनिष्ठुरमिति । वज्रस्य नितरां घोषः पातसमयशब्दः । ततोऽपि निष्ठुरमिति ।।१९।।

एतादृशोऽप्युद्यमः व्यर्थो जातः (इति) प्रद्युम्नस्य पराक्रमेणेत्याह तामापतन्तीमिति ।

<u>શ્લોકાર્થ - ૧૯ :</u> *ગદા ફેરવીને ઝડપથી મહાત્મા પ્રદ્યુમ્ન ઉપર ફેંકીને તેણે વ્રજના કડાકાથી ભયંકર ગર્જના કરી. (૧૯)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> ક્રોધને લીધે મોટી ગદાને ફેરવીને, ઝડપથી એટલે તે સાવધાન થાય નહિ તે પહેલાં તેની ઉપર ફેંકી. તેથી એમ સૂચવે છે કે આ અપરાધને લીધે તેનો પરાજય થશે. 'મહાત્મા' વિશેષણથી પ્રદ્યુમ્ને પલાયન કર્યું નહિ તે સૂચવે છે. ગદા માત્ર ફેંકવાથી પ્રદ્યુમ્નને હણેલ છે એમ માની તેણે ગર્જના કરી. 'વ્રજના કડાકાથી ભયંકર' એવું વિશેષણ છે. વ્રજનો પડવા સમયેનો મોટો કડાકો ભયંકર હતો એવો અર્થ છે. (૧૯)

શંબરનો ઉદ્યમ પણ પ્રદ્યુમ્નના પ્રરાક્રમથી વ્યર્થ ગયો.

तामापतन्तीं भगवान्प्रद्युम्नो गदया गदाम् ।
अपास्य शत्रवे क्रुद्धः प्राहिणोत्स्वगदां नदन् ॥२०॥

स्वगदया तां गदामपास्य आगच्छन्तीं दूरादेव मारयित्वा ततः क्रुद्धः सन् तद्वत्स्वयमपि नदन् । शत्रुर्मारणीय एवेति, अन्यथा मारयिष्यतीति वा स्वगदां प्राहिणोत् । भगवानित्येतत्सामर्थ्यहेतुः । भगवत्कार्यत्वादावेशित्वाद्वा भगवान् ॥२०॥

ततो लौकिकेन जयाभावमाशङ्क्य मायया भगवद्रूपया युद्धं करिष्यामीति प्रवृत्त इत्याह स च मायामिति ।

श्लोकार्थ - २० : ભગવાન પ્રદ્યુમ્ને તે દોડી આવતી ગદાને ગદાથી ભાંગી નાખી ક્રોધ કરી ગર્જના કરતાં પોતાની ગદા શત્રુ ઉપર ફેંકી. (૨૦)

ભાવાર્થ, સુબોધિનીજી : પોતાની ગદાથી તેની સામે આવતી ગદાને દૂરથીજ ભાંગી નાખી પછી ક્રોધ કરી 'શત્રુને હણવાં જ જોઈએ' અથવા ન હણવામાં આવે તો તે હણશે એવા વિચારથી તેને પોતે પણ ગર્જના કરતાં પોતાની ગદા ફેંકી. 'ભગવાન' શબ્દથી સામર્થ્ય જણાવેલ છે. આ ભગવાનનું કાર્ય હોવાથી તેને માટે 'ભગવાન' શબ્દ યોજેલ છે. (૨૦)

લૌકિક ઉપાયથી જય થશે નહિ એમ વિચારી હું ભગવદ્રૂપ માયાથી યુદ્ધ કરીશ એમ વિચારી યુદ્ધ કરવા લાગ્યો.

VIBRANT PUSHTI * VADODARA *

स च मायां समाश्रित्य दैतेयीं मयदर्शिताम् ।
मुमुचेऽस्त्रमयं वर्षं कार्ष्णौ वैहायसोऽसुरः ॥२१॥

दैतेयीत्यनेन भगवत्त्वमुक्तम् । सम्यगाश्रयणं मनःपूर्वकं भक्त्या । मयदर्शितामिति । सिद्धादुपदेशः सफलो भवतीति ज्ञापनार्थः । ततः अदृश्यः सन् अस्त्रमयमायेयाद्यस्त्रसमूहं कार्ष्णौ प्रद्युम्ने स्वयं विहायसि आकाश एव स्थितः वैहायसः । असुराणामन्तरिक्षेऽपि गतिरस्तीति सूचयितुं तथोक्तम् ॥२१॥

ततो मायाया भगवत्त्वात् काचित्पीडा जातेत्याह बाध्यमानोऽस्त्रवर्षेणेति ।

<u>શ્લોકાર્થ - ૨૧ :</u> અને તે અસુરે મયે દેખાડેલી દૈત્યોની માયાનો સારી રીતે આશ્રય કરી, આકાશમાં રહી શ્રીકૃષ્ણના પુત્ર ઉપર અસ્ત્રોનો વરસાદ કરવા લાગ્યો. (૨૧)

<u>ભાવાર્થ, સુબોધિનીજી :</u> 'દૈત્યોની' વિશષણથી ભગવદપણું કહેલું છે. 'સારી રીતે આશ્રય' એટલે મનપૂર્વક ભક્તિથી સિદ્ધ થએલી અને તેની પાસેથી ગ્રહણ કરેલો ઉપદેશ સિદ્ધ થાય છે. એમ જણાવવા 'મયે દેખાડેલી' શબ્દ યોજેલ છે. પછી અદશ્ય રહી તેને શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન ઉપર આગ્નેય અસ્ત્રોનો જથ્થો નાખવા લાગ્યો. આકાશમાં રહીને અસ્ત્રોનો વરસાદ કરવા લાગ્યો. અસુરોની ગતિ અંતરિક્ષામાં પણ હોય છે. (૨૧)

પછી માયા ભગવદરૂપ હોવાથી પ્રદ્યુમ્નને પીડા થઇ તે નીચેના શ્લોકથી કહે છે.

बाध्यमानोऽस्त्रवर्षेण रौक्मिणेयो महारथः ।
सत्त्वात्मिकां महाविधां सर्वमायोपमर्दिनीम् ॥२२॥

हीनत्वं सम्पादयितुं रौक्मिणेय इत्युक्तम् । नहि कृष्णपुत्रे बाधा सम्भवतीति । तथापि महारथः क्षत्रियजातित्वेन प्राप्तसामर्थ्यः सत्त्वात्मिकां प्रतिस्पर्धिनीं विद्यारूपां तया साक्षादुपदिष्टां समाश्रित्य स्वयमप्यस्त्रमयं वर्षं मुमुचे इति सम्बन्धः ॥२२॥

ततस्तेनापि बह्यो मायाःप्रदर्शिता इत्याह तत इति ।

ततो गौह्यकगान्धर्वपैशाचोरगराक्षसी : ।
प्रायुङ्क्त शतशो दैत्यः कार्ष्णिर्व्यधमयत्स ताः ॥२३॥

पश्चैता अङ्गमायाः, तेन हि साङ्गो भगवान् सेवित इति विज्ञायते । गन्धर्वा अपि दैत्यपक्षपातिनः तेषामवान्तरभेदाः सन्तीत्याह प्रायुङ्क्त शतश इति । सर्वासामपि सकृदेव निराकरणं कृतवानित्याह । कार्ष्णिः सः पूर्वप्राप्तमायः ता व्यधमयत् ॥२३॥

ततः पौरुषद्वयेऽपि नष्टे तं मारितवानित्याह निशातमिति ।

શ્લોકાર્થ - ૨૩ : છી દૈત્યે ગુહ્યકોની, ગંધર્વોની, પિશાચોની, સર્પોની અને રાક્ષસોની માયાનો ઘણો પ્રયોગ કર્યો. તે શ્રી કૃષ્ણના પુત્રે તે માયાનો નાશ કર્યો. (૨૩)

ભાવાર્થ, સુબોધિનીજી : આ ગુહ્યકો એટલે પાંચ પેટા માયાઓ છે. કારણ કે તેણે અંગસહિત ભગવાનની સેવા કરેલી છે. ગંધર્વો પણ દૈત્યોનો પક્ષ લેનાર છે. એટલે 'સેંકડો પ્રકારે' શબ્દ યોજેલ છે. તે એટલે 'શ્રીકૃષ્ણના પુત્રે તેમનો નાશ કર્યો' તે બધીએ માયાનો તેને નાશ કર્યો એમ કહેલ છે. (૨૩)

પછી શંબરના બંને પુરૂષાતનનો નાશ થતાં પ્રદ્યુમ્ને તેને મારી નાખ્યો. તે નીચેના શ્લોકથી કહે છે.

निंशातमसिमुद्यम्य सकिरीटं सकुण्डलम् ।
शम्बरस्य शिरः कात्ताम्रश्मश्रोजसाहरत् ॥२४॥

यथा श्येने दृष्टे पक्षिणो लीयन्ते, तथा तस्मिन् दृष्टे शम्बरो लीनो जात इति। निष्प्रभं तं स्वेच्छया असिमुद्यम्य किरीटकुण्डलसहितं परित उपरि च शोभायुक्तमदोऽपि दुर्धर्षं ताम्रश्मश्रुः ओजसा अहरत् । छित्त्वा नीतवानित्यर्थः ॥२४॥

एतत्कर्म न विगीतमिति विज्ञापयितुं देवानां सम्माननमाह आकीर्यमाण इति ।

શ્લોકાર્થ - ૨૪ : ધારદાર તલવાર ઉંચી કરીને શંબુરનું મુગટવાળું, કુંડલોવાળું અને લાલ દાઢીવાળું માથું બળથી કાપી નાખ્યું. (૨૪)

ભાવાર્થ, સુબોધિનીજી : જેમ બાજને દેખતાં પક્ષીઓ લીન થાય છે. તેમ તે પ્રદ્યુમ્ન દેખાતાં શંબર લીન થયો અને કાંતિવગરના થએલા તેની ઉપર પોતાની ઈચ્છાથી તલવાર ઉંચી કરીને મુગટ અને કુંડલોવાળું અને નીચે લાલ દાઢીવાળું ભયંકર માથું બલથી કાપી લઇ ગયા એવો અર્થ છે.(૨૪)

આ કર્મ નિંદાપાત્ર ન હતું એમ જાણાવવા દેવોએ તેને માન આપ્યું એમ નીચેના શ્લોકથી કહે છે.

VIBRANT PUSHTI VADODARA

आकीर्यमाणा दिविजैः स्तुद्भिः कुसुमोत्करैः ।
भार्ययाम्बरचारिण्या पुरं नीतो विहायसा ॥२५

आकीरणं सर्वत्र वृष्टिः । कायिके वाचनिके चोक्ते । अर्थान्मानसिकमुक्तमिति सर्वथा देवानामादर उक्तः । ततो मायावत्या अम्बरचारिण्या विहायसा आकाशमार्गेण प्रद्युम्नो द्वारकां नीतः । आदौ भगवद्गृहे पुत्रत्वे सिद्धे पश्चादन्यत्र पुत्रत्वं सिध्यत्विति । पुरशब्देन अन्तःपुरमप्युच्यते । कृष्णान्तःपुरं नीतवती प्रद्युम्नस्य परिज्ञापनार्थम् ॥२५॥

अन्तःपुरवरं राजन्ललनाशतसंकुलम् ।
विवेश पत्न्या गगनाद्विधुतेव बलाहकः ॥२६॥

अन्तःपुरेषु वरम् । ललनाशतैः संकुलम् । विधुतेव बलाहक इति शोभा दोषाभावश्चोक्तः । आकाशमार्गेण प्रवेशे विचारोऽपि न जातः । आधिदैविकास्तु जानन्तीति न विरोधं कुर्वन्ति । पत्न्या सह प्रवेशात् लौकिकोऽपि न दोषः ॥२६॥

ततोऽन्तःपुरं प्रविष्टस्य विचारमाह तं दृष्ट्वेत्यष्टभिः ।

श्लोकार्थ - २५-२६ : હે રાજન ! સ્તુતિ કરતા દેવો વડે, પુષ્પોના ઢગલાથી વૃષ્ટિ કરાતા આકાશમાં ફરનારી પત્નીથી અકાશમાર્ગે પુરમાં આવેલા પ્રદ્યુમ્ને, આકાશમાંથી જેમ વિજળી પ્રવેશ કરે તેમ પત્ની સાથે સેંકડો સ્ત્રીઓથી ભરપુર અન્તઃપુરમાં પ્રવેશ કર્યો. (૨૫-૨૬)

ભાવાર્થ, સુબોધિનીજી : સર્વ તરફથી વૃષ્ટિ કાયાથી થતી અને વાણીથી થતી પછી મનથી થતી સ્તુતિ કરી. સર્વ પ્રકારે દેવોએ આપેલું માન જણાવ્યું. આકાશમાં ફરતી માયાવતી આકાશમાર્ગે પ્રદ્યુમ્નને દ્વારકાં લઇ ગઇ. 'પુર' શબ્દથી અન્તઃપુર કહેલું છે. પ્રદ્યુમ્નને ઓળખવા માટે શ્રીકૃષ્ણના અન્તઃપુરમાં લઇ ગઇ.(૨૫)

તે અન્તઃપુર ઉત્તમ તેમ જ સેંકડો સ્ત્રીઓથી ભરપુર હતું. જેમ 'આકાશમાં વીજળી સાથે મેઘ' શબ્દોથી પ્રવેશ સૂચવે છે. માણસોને તે પ્રવેશ કરે છે એવો

વિચાર પણ થયો નહિ હોય આધિદૈવિકો તો પ્રદ્યુમ્ન ભગવાનના પુત્ર છે. તે જાણે છે તેમને પ્રવેશનો વિરોધ કર્યો નહિ. પત્ની સાથે પ્રવેશ કર્યો. (૨૬)

પછી નીચેના શ્લોકથી આરંભી આઠ શ્લોકથી અન્તઃપુરમાં પ્રવેશ કરેલો પ્રદ્યુમ્નના સંબંધમાં કરેલા વિચાર કહે છે. ત્રણ શ્લોકથી સ્ત્રીઓના વિચાર અને પાંચ શ્લોકથી રૂકિમણીના વિચાર કહે છે.

VIBRANT PUSHTI
VADODARA

तं दृष्ट्वा जलदश्यामं पीतकौशेयवासम् ।
प्रलम्बबाहुं ताम्राक्षं सुस्मितं रुचिराननम् ॥२७॥
अलंकृतमुखाम्भोजं नीलवक्रालकादिभिः ।
कृष्णं मत्वा स्त्रियो हीता निलिल्युस्तत्र तत्र ह ॥२८॥
अवधार्य शनैरीषद्वैलक्षण्येन योषितः ।
उपजग्मुः प्रमुदिताः सस्त्रीरतं शुचिस्मिताः ॥२९॥

सर्वासां त्रिभिर्विचारः, रुक्मिण्याः पञ्चभिः । साधारणीनां विचारे हेतुं वक्तुं प्रथमतो मोहमाह । अन्तःपुरे यावन्तो जनाः, सुतरां स्त्रियः, तं प्रद्युम्नं भगवत्सदृशं दृष्ट्वा, कृष्णं मत्वा, प्रथमतः हीताः लज्जिताः सत्यः कृष्णस्य स्त्रियो निलिल्युः । ता हि स्वच्छन्दं क्रीडमानाः स्थिता । अतो भगवान् दृष्टवानिति लज्जा । भगवत्समानतां वक्तुं विशेषणान्याह जलदश्याममित्यादिना । भगवान् षड्गुणसहितः, स्वयमयमपि सप्तधा समान इति । श्रीवत्सकौस्तुभौ विना अन्यस्योपलक्षणं वर्णनम् । जलदश्याममिति रूपतुल्यता । आकृतिस्तु पुत्रत्वादेव समाना भवति । पीतपट्टाम्बरमिति परिच्छदतुल्यता । प्रलम्बबाहुमिति स्त्रीणां सम्यक् ज्ञातावयवतुल्यता । ताम्राक्षमिति अनौचित्यात् कुद्ध इव स ज्ञातः इदं वैलक्षण्यमग्रे वक्ष्यति । सुस्मितमिति । तासां भाव्यो धर्मः । रुचिराननमिति सर्वोत्कृष्टशोभा । अलङ्कृतं मुखाम्भोजं यस्य । नीलैर्वक्रैरलकादिभिः, आदिशब्देन कुण्डलकिरीटादिभिः, किंबहुना भगवदीया सर्वा सामग्री ग्राह्या । मुखं हि सर्वेषां भेदजनकम् । तदेव तुल्यं जातमिति भ्रमो युक्तः । यत्र कचिल्लीना इति निलीय दर्शनं सम्भवतीति निरूपितम् । ततो जिज्ञासायां भगवतः

किञ्चिदाधिक्यं श्रीवत्सादिकं च दृष्ट्वा ईषद्वैलक्षण्येन साक्षाद्भगवानयं न भवतीति निश्चित्य, तत्तुल्यवेन तदीयत्वं च निश्चित्य, पुत्र एवायं भविष्यतीति प्रमुदिताः सत्यः स्त्रीरत्नसहितं तं द्रष्टुं सर्वा एव योषितः समागताः । शुचि स्मितं यासामिति तासां भावान्तरं निवारितम् ॥२९॥

तत्र रुक्मिण्यपि समागता, तासां तस्याश्च पूर्वोक्ता धर्मास्तुल्याः । विशेषं वक्तुं प्रक्रियान्तरमारभते अथेति ।

શ્લોકાર્થ - ૨૭-૨૮-૨૯ : *તેને મેઘના જેવો શ્યામ પીળા રેશમી વસ્ત્રોવાળો, લાંબા બાહુવાળો, લાલ નેત્રવાળો, સુંદર સ્મીતવીળો, સુંદર મુખવાળો, કાળા વાળથી શોભતો, મુખ કમળવાળો જોઈને શ્રીકૃષ્ણ માનીને સ્ત્રીઓ લજ્જા પામીને જ્યાં ત્યાં સંતાઈ ગઈ. ધીરેધીરે થોડા ભેદથી આ શ્રીકૃષ્ણ નથી એવો નિશ્ચય કરી આનંદ પામી, પવિત્ર હાસ્યવાળી સ્ત્રીઓ તેની પાસે ગઈ. (૨૭-૨૮-૨૯)*

ભાવાર્થ, સુબોધિનીજી : આરંભમાં સ્ત્રીઓનો મોહ કહે છે. અન્તઃપુરમાં જેટલા માણસો અને ખાસ કરીને સ્ત્રીઓ હતી. તેમને પ્રદ્યુમ્નને ભગવાન જેવો જોઈને શ્રીકૃષ્ણ માનીને લજ્જા પામી અને સંતાઈ ગઈ. કારણ કે તેઓ પોતાની ઈચ્છા પ્રમાણે ક્રીડા કરતી હતી. તેથી ભગવાન હમોને જોઈ ગયા માની લજ્જા પામી. પ્રદ્યુમ્ન ભગવાનની સમાન હતો એમ કહેવા 'મેઘના જેવો શ્યામ' વિગેરે વિશેષણો કહેલ છે. ભગવાન પોતે છ ગુણો સહીત સાત થાય છે અને આ પ્રદ્યુમ્ન પણ સાત પ્રકારે સમાન છે. શ્રીવત્સ અને કોસ્તુભ વિના બીજુ બધું વર્ણન છે. 'મેઘના જેવો શ્યામ' વિશેષણથી રૂપનું સમાનપણું આકૃતિ પણ સમાન હતી. (૨) 'પીળા રેશમી વસ્ત્રોવાળો' આથી વસ્ત્રોનું સમાનપણું (૩) લાંબા બાહુવાળો વિશેષણથી અવયવનું સમાનપણું (૪) લાલ નેત્રવાળા વિશેષણથી સ્ત્રીઓની પોતાની ઈચ્છા પ્રમાણે ક્રીડારૂપ અયોગ્યતાને લીધે ક્રોધવાળા હોય તેવા (૫) સુંદર સ્મીતવાળો વિશેષણથી ગુણ કહેલ છે. (૬) સુંદર મુખવાળો વિશેષણથી શોભા કહેલ છે. (૭) કાલા વાંકા વાળથી શોભતું મુખકમળ જેમનું વિશેષણથી મુગટ અને કુંડલ વિગેરે જણાવે છે. વધારે લખવાનથી શું? આ શબ્દથી ભગવાનની બધીએ સામગ્રી જાણવી. મુખ જ

સમાન છે તેથી ભ્રમ થાય એ યોગ્ય જ છે. સંતાઇ રહીને દર્શન કરવાનું સંભવે છે. તેથી 'જયાંત્યાં' સંતાઇ ગઇ એમ કહેલું છે.

શ્રીવત્સ અને કૌસ્તુભ ગુણ ભગવાનમાં વધારે છે. તેવા ભેદને લીધે 'આ સાક્ષાત ભગવાન નથી' એવો નિશ્ચય કરી તેની સમાનતાને લીધે તેમનાં પુત્ર છે. એવો નિશ્ચય કરીને આનંદ પામીને ઉત્તમ સ્ત્રી સાથે તેને જોવાને બધી સ્ત્રીઓ આવી. 'પવિત્ર હાસ્ય છે જેનું 'વિશેષણથી તેઓમાં બીજો કોઇ ભાવ ન હતો. (૨૭-૨૮-૨૯)

ત્યાં રૂકિમણી પણ આવી.તેનો ગુણ કહેવા માટે નીચેના શ્લોકથી જુદી રીતે આરંભ કરે છે.

VIBRANT PUSHTI
VADODARA

अथ तत्रासितापाङ्गी वैदर्भी वल्गुभाषिणी ।
अस्मरत्स्वसुतं नष्टं स्नेहस्नुतपयोधरा ॥३०॥

भगवत्पुत्रो भवतीति सम्भावनया सिद्धम् । तासां त्वस्मत्पुत्रो न भवतीति निश्चयः ।अस्यास्तु सन्देह इति भिन्नः प्रक्रमः । ननु पुत्रत्वे निर्धारिते पश्चात्स्वस्याः अन्यस्या वेति विचारो युक्त इत्याशङ्क्य, भगवत्पुत्रत्वं निर्धारयितुं एकहेलया स्वस्या अपि प्रथमतः सादृश्यं ज्ञातवतीत्याह । तत्र स्त्रीसमूहे, असितापाङ्गी शोभनदर्शना, असिते कृष्णे वा उपाङ्गौ यस्या इति, तेन ज्ञानदृष्टिरस्याः अन्यापेक्षया विलक्षणेति इयमेव सादृश्येन पुत्रं स्मृतवती, यतो वैदर्भी अत्यन्तं भक्ता । अन्तःकरणदेहयोः उत्तमत्वमुक्त्वा मध्ये वाचोऽप्युत्तमतामाह । अन्यथा कायवाङ्मनसां एकमतुल्यं स्यादिति । वल्गु भाषत इति वल्गुभाषिणी । सादृश्येन संस्कार उद्बुद्ध इति स्वसुतं नष्टमस्मरत् । यद्यप्यत्यन्तशिशोः स्थूलस्यापि नावयवादिसाधारण्यम्, तथापि तस्याः त्रिविधोऽप्युत्कर्ष उक्त इति तादृशस्यैव वृद्धावयं भावो भवतीति निश्चित्य स्वसुतं नष्यमस्मरत् । स्नेहेन स्नुतौ पयोधरौ यस्या इति । आधिभौतिकस्य देहस्य आधिदैविकस्यापि तत्सम्पादकस्य संवादो निरूपितः ॥३०॥

एतदीयाश्चत्वरो धर्मा निरूप्यन्ते । आन्तर एको, बाह्यस्त्रय : । आदौ परिदृश्यमानं सम्भावयति को न्वयमिति ।

શ્લોકાર્થ - ૩૦ : પછી ત્યાં શ્યામ કટાક્ષવાળી, મધુર બોલનારી, વૈદર્ભીએ ગૂમ થએલા પોતાના પુત્રનું સ્મરણ કર્યું અને સ્નેહને લીધે તેના સ્તનો ઝરવા લાગ્યા. (૩૦)

ભાવાર્થ, સુબોધિનીજી :- પ્રદ્યુમ્ન ભગવાનનો પુત્ર છે. એમ અનુમાનથી સિદ્ધ થયું. બીજી સ્ત્રીઓને આ 'અમારો પુત્ર નથી' એમ નિશ્ચય થયો. રૂકિમણીને સંદેહ હોવાથી જુદીરીતે વાત કરે છે.

પુત્ર છે એ નક્કિ થતાં તે બીજાનો પુત્ર છે એવો વિચાર યોગ્ય નથી. ભગવાનનો પુત્ર છે એમ નિશ્ચય કરવા માટે પોતાના જેવા ગુણ તેને પ્રદ્યુમ્નમાં જોયા. 'ત્યાં' એટલે સ્ત્રીઓના સમુહમાં વૈદર્ભી હતી. તેની જ્ઞાનદષ્ટિ જુદા પ્રકારની હોવાથી પોતાના ગૂમ થએલા પુત્રનું સ્મરણ થયું. વૈદર્ભી અત્યંત ભકત હતી. અંતઃકરણ અને દેહનું ઉત્તમપણું કહીને મધુર બોલનારી એ વિશેષણથી વાણીનું પણ ઉત્તમપણું બતાવ્યું.

સમાનપણાને લીધે સંસ્કાર જાગૃત થયો. તેથી ગૂમ થએલા પુત્રનું સ્મરણ થયું. જોકે ઘણા જ નાના બાળક અને મોટા થએલામાં સમાનતા હોતી નથી. છતાં પણ નાનો બાલક જ મોટો થતાં આવો થાય એવો નિશ્ચય કરીને તેના પોતાના ગૂમ થએલા પુત્રનું સ્મરણ કર્યું.

'સ્નેહને લીધે ઝરતાં છે સ્તનો જેના' એ વિશેષણથી આધિભૌતિક દેહનું અને પ્રાપ્ત થતા આધિદૈવિક દેહનું પણ સમાનપણું કહેલું છે. એક અંદરનો બહારના ત્રણ એમ ચાર ગુણો કહ્યા. (૩૦)

को न्वयं नरवैडूर्यः कस्य वा कमलेक्षणः ।
धृत : कया वा जठरे केयं लब्धा त्वनेन वा ।।३१।।

नु इति वितर्के । अयं कः, देवादिषु मध्ये क इत्यर्थः । वैडूर्यमणिः श्यामपीतो भवति । अयं नीलमेघश्यामोऽपि तया सहितस्तत्कान्त्या वैडूर्यतुल्यो जातः । वैडूर्यमणिश्चेत्, नराकारः सहज एवोत्पन्नो भवेत् । सोऽपि चेतनो भवेत्, तदा प्रद्युम्नतुल्यः स्यादिति मत्वाह नरवैडूर्य इति । ननु कस्यचिद्वंशे एतादृशा

एवोत्पद्यन्ते, यथा देशविशेषे पाषाणा हीरकरूपा भवन्ति, तस्मान्नाश्चर्यमिति चेत्, तत्राह कस्य वेति । को वा एतादृशः यस्यायं पुत्रो भवेत् । कमलेक्षणत्वान्न स्थावरस्य । स्त्रिया अपि भावोऽस्मिन् दृश्यत इति न स्थावराज्जातः । नापि मानसः नापि केवलात् पुरुषात् । अतः का वा तादृशपुरुषयोग्येति तां भावयति कया वा जठरे धृत इति । अस्तु वा इयं भार्या एतद्योग्या, कथमनेनोपलब्धत्याह केयं लब्धेति । अनेनापि इयं का लब्धा । वेत्यनादरे । रुक्मिणीहृदये सा न सम्यग्भातीति । पूर्वजन्मसम्बन्धिनीति ॥३१॥

एतद्दर्शनेन स्वपुत्रस्मरणात् सादृश्यमेव स्मारकमिति सादृश्यमुपपादयति ।

श्लोकार्थ -૩૧ : આ ઉત્તમ પુરૂષ કોણ હશે? કમળ જેવા નયનવાળો કોના પુત્ર હશે? કોને જઠરમાં ધારણ કરેલો હશે? આને કંઇ સ્ત્રી પ્રાપ્ત કરી? (૩૧)

ભાવાર્થ, સુબોધિનીજી :- 'નુ' શબ્દ તર્ક જણાવવા યોજેલ છે. આ કોણ એટલે દેવો પૈકી કયો દેવ? એવો અર્થ છે. વૈડુર્યમણિ પુરૂપના આકારવાળો કુદરતી જ ઉત્પન્ન થયો હોય અને તે પણ ચેતન હોય તો પ્રદ્યુમ્ન જેવો થાય. તેથી 'ઉત્તમ પુરૂપ' શબ્દ યોજેલ છે.

જેમ અમુક દેશોમાં હીરારૂપ પત્થરો થાય છે. તેમ કોઇના વંશમાં આવા પુરૂપ ઉત્પન્ન થાય છે. કમળ જેવા નયનોવાળો કોનો પુત્ર હશે? એમ કહેલ છે. એવા કોણ હશે જેનો આવો પુત્ર હોય? કમળ જેવા નયનોવાળો હોવાથી સ્થાવર પદાર્થનો પુત્ર નથી. મનમાંથી પણ ઉત્પન્ન થએલો નથી અને પુરૂપથી પણ ઉત્પન્ન થએલો નથી. કંઇ સ્ત્રીએ કોણે જઠરમાં ધારણ કરેલ હશે? ધારણ કરેલ હશે. અથવા આ રતિ તેને યોગ્ય ભલે હોય પણ તેને પ્રાપ્ત કેવી રીતે કરી? આને આ કંઇ પ્રાપ્ત કરી શબ્દોથી કહેલ છે. 'વા' શબ્દ નિરસ્કાર દર્શાવવા યોજેલ છે. કારણ કે રૂકિમણીના હૃદયમાં તે રતિ સારી જણાતી નથી. કારણ કે તે પૂર્વ જન્મના સંબંધવાળી જણાતી હતી. (૩૧)

આ પ્રદ્યુમ્નને જોઇ પોતાના પુત્રનું સ્મરણ થયું તે હવે કહે છે.

मम चाप्यात्मजो नष्टो नीतो यः सूतिकागृहात् ।
एतत्तुल्यवयोरूपो यदि जीवति कुत्रचित् ॥३२॥

VIBRANT PUSHTI * VADODARA *

मम चापीति । यथा कस्याश्चिदयं पुत्रः, एवं ममापि पुत्रः एतादृशो भवतीति । आत्मज इति गर्भाज्जातः । भिन्नतया विद्यमानं चारुदेष्णमन्यं वा तुल्यतया निरूपयतीत्याशङ्क्य व्यावर्तयति नष्ट इति । तर्हि मृतस्य कथं तुल्यतेत्याशङ्क्याह नीत इति । अयं नाशः अदर्शनार्थः । सूतिकागृहादित्यनिर्देश एव केनचिन्नीतः । तर्हि कथं रक्षसा घातकेनान्येन वा नीतः । तुल्यो भविष्यतीति चेत्, तत्राह यदि जीवति कुत्रचिदिति। तदा एतत्तुल्यं वयो रूपं च यस्य तादृशो भवेत् । एतावता स्वपुत्रस्य सम्भावनजीवितस्य एतत्तुल्यता निरूपिता ॥३२॥

अतः परं भेदं निराकृत्य स एवायं भवितुं युक्त इति विशेषं निरूपयति द्वाभ्याम् ।

શ્લોકાર્થ - ૩૨: મારો પણ પુત્ર જેને સુવાવડીના મકાનમાંથી લઈ જવામાં આવેલ તે ગૂમ થએલો છે. સુવાવડીના મકાનમાંથી લઈ જવામાં આવેલ તે ગૂમ થએલો છે. જો તે ક્યાંય પર જીવતો હોય તો આની સમાન વય અને રૂપવાળો હોય. (૩૨)

ભાવાર્થ, સુબોધિનીજી :- આ કોઈ સ્ત્રીનો પુત્ર છે તેમ મારો પણ આવો જ છે તે 'આત્મજ' શબ્દથી કહેલું છે. તે 'ગૂમ થએલો' વિશેષણથી બીજા પુત્રની સમાનતાને દૂર કરે છે. ત્યારે મરણ પામેલામાં સમાનપણું ક્યાંથી હોય? એવી શંકા થાય તેથી 'લઈ જવામાં આવેલ' વિશેષણ યોજેલ છે. સુવાવડીના મકાનમાંથી શબ્દથી દશ દિવસનો થયા પહેલાં તેને લઈ ગએલ છે. ત્યારે રાક્ષસ તેને લઈ ગએલ હોય તો આની સમાન કેમ હોઈ શકે? એવી શંકા થાય તેથી 'તે ક્યાંક પણ જીવતો હોય' શબ્દો યોજેલ છે. 'આની સમાન વય અને રૂપ છે જેનાં' શબ્દથી તે જીવતો હોવાનું સંભવે છે. તેથી પોતાના પુત્રને આની સમાન કહ્યો. (૩૨)

અહીં નીચેના બે શ્લોકથી તે આજ હોવાનું યોગ્ય છે તે કહે છે.

कथं त्वनेन संप्राप्तं सारूप्यं शार्ङ्गधन्वन : ।
आकृत्यावयवैर्गत्या स्वरहासावलोकनै : ॥३३॥
स एव वा भवेन्नूनं यो मे गर्भे धृतोऽर्भकः ।
अमुष्मिन्प्रीतिरधिका वामः स्फुरति मे भुज : ॥३४॥

कथं त्वनेनेति । अस्तु वा अयुमुत्तमः । तथापि शार्ङ्गधन्वनः सारूप्यं तदपुत्रत्वे कथमनेन संप्राप्तम् । शार्ङ्गधन्वन इत्येन ज्याधातः भगवतो निरूपिताः । ते अस्मिन्नपि दृश्यन्त इति कायवाङ्मनोभिस्तुत्य इति । समानान् षड्धर्मानाह आकृत्या अवयवैः गत्येति । अवयवावयविकार्याणि तुल्यानि निरूपितानि । स्वरो वाचिकः, हासावलोकनं मानसं भावसूचकमिति । एतत्तु भेदे न घटत इति स एवायं वा भविष्यतीति संभावयति । नूनं निश्चयेन । यो भगवत्पुत्रः, तत्रापि यो मया गर्भे धृतः । ननु भगवाननेकपत्नीक इति द्वीपान्तरे देशान्तरे वा भगवतः सकाशात्कस्यांचिज्जातो भवतु, ततः सर्वमुपपद्यत इति, कथं त्वया जठरे धृतो भविष्यतीत्याशङ्क्याह वामः स्फुरति मे भुज इति । वामभुजस्फुरणमत्यन्तप्रियस्य समालिङ्गनं सूचयति । येन परमानन्दो भवति, तादृशः पुत्र एव ॥३४॥

एवं तस्मिन् स्वपुत्रत्वं निश्चित्यापि सम्यक् लोकतोऽपरिज्ञाने तथा व्यवहारः कर्तुं न शक्यत इति संदिहाना इव स्थिता । ततो भगवान् निश्चयार्थं सर्वैः सह समागत इति वदति एवमिति ।

<u>શ્લોકાર્થ - ૩૩-૩૪ :</u> આકાર, યવયવો, ગતિ, સ્વર, હાસ્ય અને દષ્ટિમાં આને શાંર્ગ ધનુષ્યવાળાનું સમાનપણું કેવી રીતે પ્રાપ્ત થયું? અથવા જે બાળક મારા ગર્ભમાં ધારણ કરાએલો તેજ આ નક્કિ હોવો જોઈએ. આની ઉપર મારી ઘણી પ્રિતિ થાય છે. મારો ડાબો હાથ ફરકે છે. (૩૩-૩૪)

<u>ભાવાર્થ, સુબોધિનીજી</u> :- આ ભલે ઉત્તમ હોય છતાં પણ શાંર્ગધનુષ્યવાળાનો પુત્ર ન હોય તો આને સમાનપણું કેવી રીતે પ્રાપ્ત કર્યુ? શાંર્ગ ધનુષ્યવાળા શબ્દથી ભગવાનના ચિન્હો જણાવેલાં છે. આ ચિન્હો તેનામાં છે એમ કહેલું છે. આકાર, અવયવો, ગતિ વિગેરે છ ગુણો કહેલા છે. અવયવો અને અવયવવાળા દેહના કાર્યો સરખાં જણાવેલા છે. કારણ કે સ્વર વાણીનું કાર્ય છે. હાસ્ય દષ્ટિ લાગણી સૂચવવાનું મનનું કાર્ય છે. જો આ તેમના પુત્રથી જુદો હોય તો આ સંભવતું નથી. 'નૂનમ' એટલે નક્કિ આ ભગવાનનો પુત્ર જ છે. જે મેં ગર્ભમાં ધારણ કરેલો તેજ આ હોવો જોઈએ.

ભગવાનને ઘણી સ્ત્રીઓ છે. કોઈ બીજા દેશ અગર દ્વિપમાં બીજી સ્ત્રીથી ઉત્પન્ન થએલો હશે. તો તેં ગર્ભમાં ધારણ કરેલો કેમ હોઈ શકે? એવી શંકામાં

VIBRANT PUSHTI VADODARA

'મારે ડાબો હાથ ફરકે છે' એમ કહેલ છે. ડાબા હાથનું ફરકવું પરમ આનંદ થાય તેનું સૂચન કરેલ છે. તે ઘણો પ્રિય પુત્ર જ છે. (૩૪)

એવી રીતે તે પોતાના જ પુત્ર છે એવો નિશ્ચય કરેલો હોવા છતાં લોકને જ્ઞાન થાય નહિ ત્યાંસુધી તે પ્રકારે વ્યવહાર થાય નહિ તેથી ભગવાન નિર્ણય કરવા ત્યાં પધાર્યા તે હવે કહે છે.

एवं मीमांसमानायां वैदर्भ्यां देवकीसुतः ।
देवक्यानकदुन्दुभ्यामुत्तमश्लोक आगमत् ॥३५॥

यतोऽयं देवकीसुतः भक्तहितकारी, सुतरां स्त्रीणाम्, रुक्मिणी च भक्ता, सा च मीमांसमाना क्लेशेनैवं स्थिता । अतस्तद्दुःखनिराकणार्थं पुत्रत्वेन स्वीकारे पित्रादयः प्रयोजका इति देवक्या आनकदुन्दुभिना च सहितः समागतः । यतोऽयमुत्तमश्लोकः । अन्यथा वाच्यता भवेदिति । अत्र भीतिपतितं अक्षरच्युतकालङ्कारं बोधयति । यथा राक्षो रक्ताक्ष इति । अयं च पुत्रः च्युत एव स्थानात्पुनः प्राप्त इति सूचयितुं आ सर्वैः सह अगमत् ॥३५॥

आगत्यापि स्वयं कथने बहिर्मुखाः लोभं संपादयेयुरिति तूष्णीं स्थित इत्याह विज्ञातार्थोऽपीति ।

<u>શ્લોકાર્થ -૩૫ :</u> *વૈદર્ભી એ પ્રકારે વિચાર કરતી હતી ત્યારે દેવકીજી અને આનકદુંદુભિ સાથે, ઉત્તમ પુરૂષો જેની સ્તુતિ કરે છે તેવા દેવકી પુત્ર પધાર્યા. (૩૫)*

<u>ભાવાર્થ, સુબોધિનીજી :-</u> કારણ કે આ દેવકીપુત્ર ભકતોનું અને ખાસ કરી તે સ્રીઓનું હિત કરનારાછે અને રૂકિમણી ભકત હતી. અને આવા વિચારથી દુઃખી હતી. તેનું દુઃખ દૂર કરવા અને પુત્રનો સ્વીકાર કરવા માતા અને પિતા એટલે દેવકી અને વસુદેવ સાથે ભગવાન ત્યાં પધાર્યા કારણ કે આ ભગવાન ઉત્તમ પુરૂષો જેની સ્તુતિ કરે છે તેવા છે. તે પધાર્યા કારણ કે તેમ ન કરે તો લોકમાં નિંદા થાય. જેમ રાક્ષસોને રકતાક્ષ કહેવાય છે.અક્ષર ચ્યુતક અલંકાર કહીને જણાવે છે કે આ પુત્ર પોતાના સ્થાનથી પડેલો જ હતો અને

ફરીથી પ્રાપ્ત થયો. ભગવાન બધાની સાથે પધાર્યા.

પધાર્યા પછી ભગવાન પોતે આ મારો પુત્ર છે એમ કહે તો બહિર્મુખો લોભી કહે તેથી ભગવાન શાંત રહ્યા તે કહે છે. (૩૫)

VIBRANT PUSHTI
VADODARA

विज्ञातार्थोऽपि भगवांस्तूष्णीमास जनार्दनः ।
नारदोऽकथयत्सर्वं शम्बराहरणादिकम् ॥३६॥

ज्ञाने भगवानिति हेतुः । तूष्णीभावे जनार्दन इति । सहि जनानामविद्यामर्दयतीति । निन्दायां तु तेषामविद्या न गमिष्यतीति । तदा भगवदिच्छया नारदः समागत्योक्तवानित्याह नारदोऽकथयत्सर्वमिति । स्वकृतमेवेति दोषपरिहारोऽप्यनेन कृतः । शम्बरस्य आहरणमारभ्य समागमनपर्यन्तं सर्वमुक्तवान् ॥३६॥

नारदावाक्यं सर्वेषामेव संमतम्, ततः सर्वैरङ्गीकर्तव्यमिति सापत्यात् कृष्णस्त्रियो रुक्मिणीव्यतिरिक्ता : प्रथममङ्गीकृतवत्य इत्याह तच्छ्रुत्वेति ।

શ્લોકાર્થ - ૩૬ : *ભગવાન જનાર્દને વૃતાંત જાણેલ હોવા છતાં શાંત રહ્યા. શંબરે કરેલ હરણ વિગેરે સર્વ વૃતાંત નારદે કહ્યો. (૩૬)*

ભાવાર્થ, સુબોધિનીજી :- શ્રીકૃષ્ણને જ્ઞાન હોવાનું કારણ 'ભગવાન' શબ્દથી કહેલ છે. શાંત રહેવાનું કારણ 'જનાર્દન' શબ્દથી કહેલ છે. કારણ કે જે અવિદ્યાનો નાશ કરે છે. તે સમયે ભગવાનની ઈચ્છાથી નારદે આવીને વૃતાંત કહ્યો. આ નારદે કહેલું તેથી તેણે પોતાનો દોષ પણ દૂર કર્યો.નારદનું વાક્ય બધાએ માન્ય રાખ્યું.(૩૬)

આ બધાએ તે સ્વીકારવું જોઈએ. બીજી પત્નીઓ શોકો હોવાથી તેમને પહેલાં સ્વીકાર્યું તે હવે નીચેના શ્લોકથી કહે છે.

तच्छ्रुत्वा महदाश्चर्यं कृष्णान्तःपुरयोषितः ।
अभ्यनन्दन्बहूनब्दान्नष्टं मृतमिवागतम् ॥३७॥

राजस्य एताः । महदाश्चर्यं श्रुत्वेति । कथं मत्स्यभक्षितस्य जीवनम्, संपूर्णावयवत्वं च, कथं वा विशसने अक्षतत्वम्, समुद्रप्रक्षेपे वा अमरणमिति । तासामनङ्गीकारे बाधकमाह कृष्णान्तःपुरयोषित इति । स्वस्याप्येवं पुत्रस्य नयने अन्या अप्यङ्गीकारं न कुर्युरिति भावः । अभ्यनन्दन् । अयं पुत्रो भवति अस्माकमिति । सापत्यभावेन दोषदर्शिन्यो न जाताः । किञ्च । परमस्नेहेन अभितः आनन्दयुक्ता अपि जाताः । तत्र हेतुः । बहूनब्दान् बहुवर्षपर्यन्तं नष्यमदृष्टमिति । अत्यन्तसंयोगे द्वितीया । न केवलं चिरकालदर्शनमेव तत्र हेतुः, किन्तु मृतश्चेदायाति शीघ्रमेव, तदापि महानानन्दो भवतीति, मृतं पश्चात्सत्वस्थमागतं यथा सादरं लोकाअभिनन्दनं कुर्वन्ति । देहे विद्यमान एव जीवने अभिनन्दनम् ।।३७।।

सात्त्विकानामभिनन्दनमाह देवकीति ।

શ્લોકાર્થ - ૩૭ : *તે ઘણું આશ્ચર્યકારક વૃતાંત સાંભળીને શ્રીકૃષ્ણના અંતઃપુરથી સ્ત્રીઓએ ઘણા વર્ષોથી ગૂમ થએલા મરેલા પાછા આવેલાની પેઠે બાળકનું અભિનંદન કર્યું. (૩૭)*

ભાવાર્થ, સુબોધિનીજી :- આ રાજસી સ્ત્રીઓ હતી. માછલાંએ ગળેલા કેમ જીવતો રહ્યો? સંપૂર્ણ અવયવવાળો રહ્યો? વળી માછલું કપાતાં કેમ ઘવાયો નહિ? સમુદ્રમાં નાખવાં છતાં કેમ મરણ ન પામ્યો? એ બધું આશ્ચર્યકારક વૃતાંત સાંભળીને અભિનંદન કર્યું. 'શ્રીકૃષ્ણના અંતપુરની સ્ત્રીઓએ' શબ્દથી તેઓ પ્રદ્યુમ્નને પુત્ર તરીકે સ્વીકારે નહિ. તે હરકત જણાવી છે. તેમના પોતાના પુત્રને પણ એવી રીતે લઈ જવામાં આવે તો બીજીઓ પણ તેનો સ્વીકાર કરે નહિ એવો ભાવ છે.

આ મારો પુત્ર છે. એમ અભિનંદન કર્યું. ઘણા સ્નેહને લીધે સંપૂર્ણ પ્રકારે આનંદવાળી થઈ. તેનું કારણ 'ઘણા વર્ષોથી ગૂમ થએલો એટલે નહિ જોએલો' વિશેષણથી કહેલું છે. આનંદવાળા થવામાં ઘણા સમયે જોવો તેજ કારણ નથી. પણ મરણ પામેલો જો તુરત પાછો આવે તો ઘણો આનંદ થાય છે. એવો અર્થ છે. મરેલા અને પછી સ્વસ્થ પાછા આવેલાનું લોકો માનપૂર્વક અભિનંદન કરે છે. દેહની હયાતી હોય ત્યારે જ જીવતું હોય તેનું અભિનંદન થાય છે. (૩૭)

નીચેના શ્લોકથી સાત્વિકોએ અભિનંદન કરેલ જણાવે છે.

देवकी वसुदेवश्च कृष्णरामौ तता स्त्रियः ।
दम्पती तौ परिष्वज्य रुक्मिणी च ययुर्मुदम् ॥३८॥

तथा स्त्रियः सात्त्विक्यः तौ दम्पती मायावती प्रद्युम्नश्च परिष्वज्य पुत्रत्वात् पुत्रवधूत्वाच्च मुदं ययुः । रुक्मिणी चेति भिन्नतया निरूपणं सर्वेषां यावत्सुखं तावदेकस्या एव जातमिति ज्ञापनार्थम् ॥३८॥

साधारणानां तामसानां सम्मतिमाह नष्टं प्रद्युम्नमायातमिति ।

नष्टं प्रद्युम्नमायातमाकर्ण्य द्वारकौकसः ।

શ્લોકાર્થ - ૩૮ : દેવકીને વસુદેવ, શ્રીકૃષ્ણ અને બલભદ્ર તેમજ સ્ત્રીઓ અને રૂકિમણી તે પતિપત્નીને ભેટીને આનંદ પામ્યા. (૩૮)

ભાવાર્થ, સુબોધિનીજી :- સાત્વિકે સ્ત્રીઓ 'તે પતિપત્નીને' એટલે પુત્ર અને પુત્રવધુને પ્રદ્યુમ્ને અને માયાવતીને ભેટીને આનંદ પામ્યાં. બધાને જેટલું સુખ થયું તેટલું એકલી રૂકિમણીને થયું. (૩૮)

નીચેના શ્લોકથી તામસ પુરૂષોની સંમતિ જણાવે છે.

नष्टं प्रद्युम्नमायातमाकर्ण्य द्वारकौकसः ।
अहो मृत इवायातो बालो दिष्टयेति हाब्रुवन् ॥३९॥

तेषां विपरीतभावभावाय वचनमाह अहो मृत इवायात इति । लौकिकभाषायामश्लीलवचनं न दोषाय । हेत्याश्चर्ये । अहो इति च । गमनागमनयोरु भयत्राश्चर्यमाह ॥३९॥

कामस्य महता प्रयासेन देहग्रहणे फलं जातं नवेति सन्देहं निराकर्तुमाह यं वै मुहुरिति ।

શ્લોકાર્થ -૩૯ : અહો ! ગુમ થએલા પ્રદ્યુમ્નને પાછો આવેલો સાંભળીને દ્વારકાંના રહેવાસીઓએ કહ્યું. અહો ! મરેલો પાછો આવે તેમ આપણા ભાગ્યથી બાળક પાછો આવ્યો. (૩૯)

VIBRANT PUSHTI VADODARA

<u>ભાવાર્થ, સુબોધિનીજી</u> :- તેમને ઉલ્ટો વિચાર આવ્યો ન હતો. અહો ! મરેલો પાછો આવે એમ તેમનું વચન છે. લૌકિક ભાષામાં અસભ્ય વચનથી દોષ થતો નથી. 'અહો' શબ્દ આશ્ચર્ય દર્શાવવા યોજેલ છે. પ્રદ્યુમ્નનું ગૂમ થવું અને પાછા આવવું બેને આશ્ચર્યકારક છે એમ કહેલ છે. (૩૯)

કામે ઘણા પ્રયાસથી દેહ પ્રાપ્ત કર્યો. તેનું ફલ પ્રાપ્ત થયું કે નહિ એ સંદેહ દૂર કરવા નીચેનો શ્લોક કહે છે.

यं वै मुहुः पितृसरूपनिजेशभावास्तन्मातरो यदभजन् रहरूढभावाः ।
चित्रं न तत्खलु रमास्पदबिम्बबिम्बे कामे स्मरेऽक्षिविषये किमुतान्यनार्यः

पितृसरूपतया पितुः समानं यद्रूपं तेन कृत्वा निजेशभावाः, कृष्ण एवायमिति बुद्धियुक्ता : । निजेशः कृष्णः । तस्य मातरोऽपि ऊढभावाः सत्यः तद्दर्शनेन उद्गतकामाः रहः एकान्तमभजन् । निलीना जाताः । एतच्चित्रं न । रमया आस्पदरूपं यद्बिम्बं भगवान् श्रीनिवासः तस्य बिम्बं कार्यं प्रतिबिम्ब इति यावत् । बिम्बवदेव प्रतिबिम्बेऽपि बुद्धिर्भवतीति न कोऽपि दोषः । रमास्पदपदं लक्ष्म्या अपि तत्र प्रदर्शनार्थम् । तेन लक्ष्मीश्चेत्तत्र, वयं कथंनेति तासां भ्रमे हेतुर्मुख्यो निरूपितः । किञ्च, कामे कामात् सर्वं सम्भवति । किञ्च । स्मरे अक्षविषये सति स्मृत एवानर्थं करोति, किमुत प्रत्यक्षविषयः । यत्र भगवत्स्त्रीणामेवैषा व्यवस्था, तत्रान्यनारीणां कामोद्बोधः किं वक्तव्य इत्यर्थः । एवं कामस्य सर्वलोकेषु प्रतिष्ठितत्वमुक्तम् । स्त्रीषु प्रतिष्ठितः सुखहेतुर्भवति, न तु पुरुषेष्विति तथोक्तम् ॥४०॥

इति श्रीभागवतसुबोधिन्यां
श्रीमल्लक्ष्मणभट्टात्मजश्रीमद्वल्लभदीक्षितविरचितायां
दशमस्कन्धविवरणे उत्तरार्धे षष्ठोध्यायः ॥६॥

<u>શ્લોકાર્થ-૪૦</u> : જેને તેની માતાઓ પિતાના સમાન હોવાથી વારંવાર પોતાના પતિ માનતી હતી અને કામ જાગૃત થવાથી એકાંતમાં રહેતી હતી. તેવા રમાના

ધામરૂપ મૂર્તિના પ્રતિમાને વિષે તે ખરેખર આશ્ચર્યકારક નહતું. તો પછી કામ હોય અને સ્મર જોવામાં આવે ત્યારે બીજી સ્ત્રીઓનું તો કહેવું જ શું? . (૪૦)

ભાવાર્થ, સુબોધિનીજી :-પિતા સમાન જે રૂપ તેને લીધે શ્રીકૃષ્ણ જ છે એમ પ્રદ્યુમ્નની માતા માનતી હતી. બીજી તેની માતાઓ તેને જોઇને જાગૃત થએલ કામવાળી થતાં એકાંતમાં રહેતી હતી. એટલે સંતાઇ જતી હતી. આ આશ્ચર્યકારક નથી. કારણ કે રમાના ધામરૂપ જે મૂર્તિ એટલે કે લક્ષ્મીનું સ્થાન ભગવાન અને તેનું કાર્ય એટલે પ્રતિબિંબ પ્રદ્યુમ્ન હતો. તેના જેવી જ બુદ્ધિ થાય છે તેથી તેમાં કાંઇપણ દોષ નથી. 'રમાના ધામરૂપ' શબ્દ તો તેની અંદર લક્ષ્મીના પણ દર્શન થતાં હતાં. એમ જણાવવા યોજેલ છે. તેથી લક્ષ્મી જો તેની અંદર છે તો અમે કેમ ન હોઇએ? એવું તેમને ભ્રમ થવાનું કારણ કહેલ છે.

વળી કામ હોય ત્યારે બીજી સ્ત્રીઓનું તો કહેવું જ શું ? કારણ કે કામને લીધે સર્વ સંભવે છે. વળી સ્મર જોવામાં આવે ત્યારે તો કહેવું જ શું? કારણ કે તેનું સ્મરણ થતાં જ તે અનર્થ કરે છે. તો પછી જોવામાં આવે તો કેટલો બધો અનર્થ કરે? જ્યારે ભગવાનની પત્નીઓની આ સ્થિતિ છે ત્યારે બીજી સ્ત્રીઓમાં તો કામ ઉત્પન્ન કરે તેમાં કહેવાનું શું? એવું અર્થ છે.

આ પ્રમાણે કામ સર્વ લોકમાં રહેલો છે. એમ કહેલું છે. સ્ત્રીઓમાં રહેલો સુખ ઉત્પન્ન કરે છે. પરંતુ પુરૂષમાં રહેલો સુખ ઉત્પન્ન કરતો નથી તેથી તે પ્રમાણે કહેલું છે.(૪૦)

VIBRANT PUSHTI * VADODARA *

દશમ સ્કંધ ઉત્તરાર્ધ

અધ્યાય છઠ્ઠો

રાજસ સાધન પ્રકરણ

સંપૂર્ણ